Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


૧ શ્રી ભક્તામર સ્તોત્રનો ગુજરાતી કાવ્યાનુવાદ ... ... ... ૨૧૯
૨ શ્રી તીર્થંકરચરિત્ર. ... ... મુનિશ્રી દર્શનવિજયજી મહારાજ. ... ૨૨૩
૩ નીતિ બોધ વચનો ... ... સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી મહારાજ ૨૨૬
૪ અમારી પૂર્વદેશની યાત્રા.... ... મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ. ૨૩૦
૫ પરમાર્થ માર્ગમાં નડતા આઠ વિઘ્નો. ... ... ગાંધી. ... ૨૩૩
૬ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.... ...વિઠ્ઠલદાસ મૂ૦ શાહ ... ૨૩૫
૭ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ૨૩૯
૮ અભિનંદન પત્રો ... ... ... ... ... ... ૨૪૩
૯ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ટાઇટલ



તૈયાર છે. **જલદી મંગાવો.** તૈયાર છે.

### સામાયિક ચૈત્યવંદન સૂત્ર–શબ્દાર્થ–ભાવાર્થ–અન્વયાર્થ સહિત.

બાળઅભ્યાસીઓને પોતાના અભ્યાસમાં બહુ જ સરલ પડે તેવી રીતે આ બુકમાં આપવામાં આવેલ છે.

સામાયિક સૂત્રની બુકો આ પહેલાં કેટલીક પ્રગટ થયેલ છે, તેનાથી આ બુકમાં કેટલીક વિશેષતા અને વધારો કરેલ છે, તે જોવાથી વાચક જાણી શકશે; તેટલું જ નહીં પરંતુ શ્રીમતી જૈન કોન્ફરન્સ એજ્યુકેશન બોર્ડના ધાર્મિક અભ્યાસક્રમમાં દાખલ કરેલ ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ વગેરે પણ આ બુકના પાછળના ભાગમાં પૂરવણી તરીકે આપવામાં આવેલ છે, કે જેથી આ બુક પ્રમાણે સામાયિકસૂત્રના અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ એજ્યુકેશન બોર્ડની પરીક્ષામાં બેસીને પણ તે ધોરણની પરીક્ષા ઉંચા નંબરે પસાર કરી શકશે. હિન્દના દરેક શહેર યા ગામની પાઠશાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને માટે સરલ અને ઉપયોગી કેમ બને તે લક્ષ્યમાં રાખીને આ બુક તૈયાર કરવામાં આવી છે. આ બુકની કિંમત માત્ર નામની જ રાખવામાં આવેલ છે. તે સાહિત્યપ્રચાર અને બાળકો વિશેષ લાભ લઇ શકે તે હેતુને લઇને જ છે. મંગાવો—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

बाह्यविषयव्यामोहमपहाय रत्नत्रयसर्वस्वभूते आत्मज्ञाने प्रयतितव्यम्, यदाहुर्बाह्या अपि—" आत्मा रे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्य " इति । आत्मज्ञानं च नात्मनः कर्मभूतस्य पृथक् किञ्चित्, अपि त्वात्मनश्चिद्रूपस्य स्वसंवेदनमेव मृग्यते, नातोऽन्यदात्मज्ञानं नाम, एवं दर्शनचारित्रे अपि नात्मनो भिन्ने । एवं च चिद्रूपोऽयं ज्ञानाद्याख्याभिरभिधीयते । ननु विषयान्तरव्युदासेन किमित्यात्मज्ञानमेव मृग्यते ? विषयान्तरज्ञानमेवह्यज्ञानरूपं दुःखं छिन्द्यात् । नैवम्, सर्वविषयेभ्य आत्मन एव प्रधानत्वात्, तस्यैव कर्मनिबन्धनशरीरपरिग्रहे दुःखितत्वात, कर्मक्षये च सिद्धस्वरूपत्वात् ॥

योगशास्त्र स्वोपज्ञविवरण—श्री हेमचन्द्रसूरि.

पुस्तक ३० } वीर सं. २४५९. वैशाक. आत्म सं. ३७. { अंक १० मो.

## શ્રી ભક્તામર સ્તોત્રનો ગુજરાતી કાવ્યાનુવાદ.

( ગતાંક પૃષ્ટ ૧૭૪ થી શરૂ )

### 'તુજ આશ્રિતને ન જ સિંહ હણે'

કરિના કુંભોથી ગલત ઉજળા રૂધિરવડે,
લિંપેલા મોતીના ગણથી ભૂમિ જે ભૂષિત કરે;
ભરંતો ફાળો તે પશુપતિય[૧૯] હલ્લો ન જ કરે,
પડેલા પંજામાં, તુજ ††પદ-ગિરિ આશ્રિત પરે. ૩૫

†† ત્હારા ચરણરૂપ પર્વતનો જેણે આશ્રય કર્યો છે એવા મનુષ્ય પર-પંજામાં આવી પડયાં છતાં, સિંહ હુમલો કરતો નથી. પર્વતનો આશ્રય કરનાર પર સિંહ આક્રમણ નથી કરી શકતો, તે પ્રકારે સિંહ કેવો ? હાથીના કુંભસ્થળમાંથી ગળી રહેલા ઉજ્જવલ લોહીથી ખરડાયેલા મોતીના સમૂહવડે ભૂમિને જે શોભાવે છે એવો. ૧૯ સિંહ, કેસરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**'તુ જ નામજલે દવ અગ્નિ શમે'**

યુગાંતી[20] વાયુથી અતિ પ્રબલ રે ! અગ્નિ સરખો,
જ્વલંતો જ્વાલાથી, ઉજ્વલ, ઉડે જાસ તણખો;
દવાગ્નિ તે જાણે જગત હણવા સન્મુખ થતો !
અહો ! ત્હારા નામ સ્મરણ–જલથી સર્વ શમતો. ૩૬

**'કચરે તુજ ભક્ત ફણિધરને'**

નીલો કોકિલાની ગરદન સમો રક્ત[21] નયને,
ફણા ઉંચી એવા ફણિધર[22] મહાક્રોધ ધરને;
વિના શંકા દાબે ચરણયુગથી તે જગધણી !
હૃદે જેના ત્હારા સ્મરણરૂપ છે [23]નાગદમની. ૩૭

**'રિપુ સૈન્ય પરાજિત થાય રણે'**

જિહાં કૂદે અશ્વો ભીમ રવ, ગજો ગર્જન કરે,
રણે સેના એવી બલવત નરેંદ્રોનીય ખરે !
જિનેંદ્રા ! ભેદાયે ઝટ તમ તણા કીર્ત્તન થકી,
ઉગંતા ભાનુના[24] જયમ કિરણથી તિમિર નકી. ૩૮

ચિરેલા હસ્તીના રુધિર જલ-સ્રોતે[25] તરી જવા,
ચહે વેગે એવા સુભટથી અતિ [26]ભીમ રણમાં;
મનુષ્યો જે ત્હારા [27]પદક જ–વને આશ્રય કરે,
રિપુપક્ષો જીતી [28]દુરજય નકી તે જય વરે.× ૩૯

**'ઉતરે જલધિ તુજ નામ થકી'**

થયા છે ક્ષુબ્ધ જ્યાં મગર પીઠ [29]પાઠીન અતિશે,
[30]વડાગ્નિ ઉગ્ર જ્યાં ભયદ અતિ તે [31]વારિધિ વિષે;
ઉંચા કલ્લોલોના શિખર પર નૌકા જસ રહી,
તજી ભીત તેઓ તુજ સ્મરણથી જાય જ સહી. ૪૦

---

× ભાલાથી ભેદાયેલા હાથીના લોહીરૂપ જલપ્રવાહમાં વેગથી ઉતરી પડીને તરી જવાને આતુર એવા મહાયોદ્ધાઓથી ભયંકર યુદ્ધને વિષે, જેઓ ત્હારા ચરણકમળરૂપ વનનો આશ્રય કરે છે તે મનુષ્યો દુર્જય શત્રુપક્ષને જીતીને જય પ્રાપ્ત કરે છે.

૨૦ કલ્પાંતકાળ સંબંધી, પ્રલયકાળનો. ૨૧ લાલચોળ, રાતો, રાતા નેત્રવાળો. ૨૨ સર્પ. ૨૩ નાગનું દમન કરે તે ઔષધિ અથવા જાંગુલિ મંત્ર. ૨૪ સૂર્ય. ૨૫ પ્રવાહ. ૨૬ ભયંકર. ૨૭ ચરણકમળરૂપ વન. ૨૮ જીતવા મુશ્કેલ એવા શત્રુપક્ષોને જીતીને. ૨૯ એક જાતના મોટા મગરમત્સ્યો. ૩૦ વડવાનલ. ૩૧ સમુદ્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'સ્મરરૂપ બને તુજ પાદ રજે'

વળ્યા વાંકા ભારી ૩૨જલઉદરના ભારથી અહીં,
દશા બુરી પામ્યા, જસ જીવિત આશા જતી રહી;
જનો એવા થાયે ૩૩મકરધ્વજ જેવા રૂપવડે,
વપુ વિલેપાતાં તુજ ૩૪પદરજો-અમૃત વડે. ૪૧

'તુજ નામથી બંધન સર્વ ત્રુટે'

વિંટાયેલા જેઓ ૩૫નખ-શિખ ગહા સાંકળ થકી,
ઘસે જંઘા જેની બૃહત ૩૬નિગડોની અણી અતિ;
મનુષ્યો તે નિત્યે તુજ સ્મરણ સુમંત્ર સ્મરતાં,
સ્વયં બંધો કેરા ભયથી ઝટ વિમુક્ત જ થતા. ૪૨

'સ્તોત્ર માહાત્મ્ય'

મહોન્મત્તા હસ્તી પશુપતિ દવાગ્નિ ફણિતણા,
પયોધિ યુદ્ધો ને જલઉદર ને બંધનતણા;
૩૭ભયો તેના નાશે ભય થકી જ જાણે ઝટ અતિ,
ભણે જે બુદ્ધિમાન્ સ્તવન તુજ આ હે, જિનપતિ! ૪૩

—વસંતતિલકા—

'ઉપસંહાર'

આ સ્તોત્રમાલ તુજ ૩૮ગુણથી મેં ગુંથેલી,
૩૯ભક્તિથી ચિત્ર ૪૦શુભવર્ણ ફુલે ભરેલી;
હ્યાં નિત્ય ૪૧કંઠમહિં જે 'ભગવાન્' ધરાવે,
તે ૪૨'માનતુંગ' પ્રતિ લક્ષ્મી* અવશ્ય આવે. ૪૪

---

૩૨ જલોદર જેમાં પેટમાં પાણી ભરાય છે. (Ascites, Dropsy) ૩૩ કામદેવ. ૩૪ ત્હારા ચરણકમળની રજરૂપ અમૃતવડે શરીરપર વિલેપન કરવામાં આવતાં જલોદર આદિથી ગ્રસ્ત મનુષ્યો કામદેવ જેવા રૂપવાન થઈ જાય છે. ૩૫ પગથી માથા સુધી. ૩૬ મોટી બેડીઓ.

૩૭ ઉપર વર્ણવવામાં આવ્યા તે ભય:—(૧) મહોન્મત્ત હાથી, (૨) સિંહ, (૩) દાવાનળ, (૪) સર્પ, (૫) સમુદ્ર, (૬) સંગ્રામ, (૭) જલોદર, (૮) બંધન. જે બુદ્ધિમાન્ પુરૂષ આ સ્તવનનો પાઠ કરે છે તેના આ સર્વ ભયો જાણે કે ભય પામ્યા હોયની! એમ શીઘ્ર ભાગી જાય છે.

૩૮ શ્લેષ છે. (૧) પ્રભુના ગુણ, (૨) સૂત્ર, દોરો.
૩૯ શ્લેષ (૧) પ્રભુ ભક્તિથી, (૨) વિભાગથી.
૪૦ શ્લેષ (૧) અક્ષર, (૨) રંગ.
૪૧ શ્લેષ (૧) ગળામાં, (૨) કંઠે કરે, મુખપાઠે કરે.
૪૨ શ્લેષ (૧) માનથી તુંગ-ઉચ્ચ, (૨) સ્તોત્રકર્ત્તા ભક્ત કવિશ્રી માનતુંગાચાર્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પરિશિષ્ટ.×

## ' દેવદુંદુભિ '

ઉંચા ને ગંભીરા રવ થકી દિગંતો પૂરવતો,
ત્રિલોકી લોકોના શુભ મિલનમાં [1]દક્ષ કરતો;
સુધર્મી રાજાના જય જય તણો ઘોષ કરતો,
[2]નભે દુંદુભિ તે તુજ યશપ્રવાદી[3] ગજવતો. ૧

સુગંધિ વારિથી શુભ, યુત વળી મંદ પવને,
[4]નમેરૂ મન્દારો ત્યમ પરમ સંતાનક અને;

## ' સુરપુષ્પવૃષ્ટિ '

સુપારજાતાદિ શુભ કુસુમની વૃષ્ટિ પડતી,
પ્રભો ! દિવ્યા વા તે તુજ વચનની શ્રેણી ખરતી !* ૨

અતિ ત્હારા ભામંડલ તણી પ્રભાતો ચમકતી,
ત્રણે લોકોમાંહી [5]દ્યુતિયુત તણી દ્યુતિ હરતી;

## ' ભામંડલ. '

પ્રતાપી ભાનુની સતત બહુ સંખ્યા પણ જીતે,
અહો ! [6]દીપ્તિથી તે રજની [7]શશિસૌમ્યા પણ જીતે!+ ૩

અભીષ્ટ સ્વર્ગો ને શિવપથતણા દેશન મહીં,
ત્રિલોકે તત્ત્વોના કથનમહિં નિપુણ જ અહીં;

---

* અત્રે આ સ્તોત્રને પુષ્પમાળાની ઉપમા આપવામાં આવી છે. જેમ પુષ્પમાળા ગુણથી ( દોરાથી ) બંધાય છે, તેમ આ સ્તોત્રમાલા પ્રભુગુણથી બંધાયેલી છે; જેમ પુષ્પમાળામાં વિવિધ વર્ણવાળા ( રંગબેરંગી ) ફુલ હોય છે, તેમ આ સ્તોત્રમાળામાં વિવિધ વર્ણરૂપ ( અક્ષરરૂપ ) સુંદર પુષ્પો છે; જેમ પુષ્પમાળામાં ભક્તિ ( ભાગલા-વિભાગ ) પાડેલ હોય છે, તેમ આ સ્તોત્રમાળા ભક્તિભાવથી ગુંથાયેલી છે; અને આવી આ સ્તોત્રમાળાને જે ધારણ કરે છે તેની પાસે દ્રવ્યલક્ષ્મી કે ભાવલક્ષ્મી સ્વયમેવ અવશ્ય આવીને હાજર થાય છે. અત્રે લક્ષ્મી અને પુષ્પમાળા એ શબ્દો અંત્ય મંગલ સૂચવે છે મધ્ય મંગલ ' तुभ्यं नमः ' ઇ૦ શ્લોકથી અને આદિ મંગલ પ્રારંભમાં સૂચવાયું હતું.

" तं मंगलमाईए मज्झे पज्जंतए य सत्थस्स । "

× દિગંબરમાન્ય ચાર વધારાના શ્લોકો અત્રે આપવામાં આવ્યા છે,

૧ કુશળ, નિપુણ, ૨ આકાશ, ૩ પ્રભુનો યશ પોકારતો. ૪ નમેરૂ, મંદાર, સંતાનક,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ–

# શ્રીતીર્થંકરચરિત્ર.

## શ્રી જ્ઞાતાસૂત્ર.

( ગતાંક પૃષ્ઠ ૨૦૨ થી શરૂ )

મલ્લિનાથ અરિહંતની **અંત–કૃત્** ભૂમિ બે પ્રકારની હતી. ૧ યુગાંતકૃત ભૂમિ (મોક્ષનો પ્રવાહ રોકાય તે પુરૂષ સુધીની કાળ મર્યાદા) ૨–પર્યાયાન્તકૃતભૂમિ ( અરિહંતના કેવળજ્ઞાન પછી પ્રથમ મોક્ષ જનાર સુધીની કાળ મર્યાદા.) યાવત્....વીશમા પુરૂષ સુધી યુગાન્તકૃતભૂમિ જાણવી. બે વર્ષના કેવળ પછી એકનો મોક્ષ થયો તે પર્યાયાન્તકૃત ભૂમિ જાણવી.

મલ્લિનાથ અરિહંત ઉંચાઇમાં ૨૫ ધનુષ્ય ઉંચા હતા, પ્રિયંગુ સમાન રંગવાળા હતા, સમચતુરસ્ર સંસ્થાની હતા, વજ્રઋષભનારાચસંઘયણ યુક્ત હતા. તેઓ સુખે સુખે મધ્યદેશમાં વિચરીને જ્યાં **સમ્મેતશિખર** પહાડ છે ત્યાં આવે છે, આવીને સમ્મેતશૈલ શિખરપર પાદોપગમ સ્વીકારે છે.

**મલ્લિનાથ** ૧૦૦ વર્ષ ઘરમાં રહીને સો વર્ષન્યૂન પંચાવન હજાર (૫૪૯૦૦) વષ કેવળીપર્યાય પાળીને ૫૫૦૦૦ વર્ષનું સર્વ આયુષ્ય પાળીને, જે ગ્રીષ્મ ઋતુનો પહેલો મહિનો, બીજો પક્ષ ચૈત્રશુકલ તે ચૈત્ર શુદિ ૪ દિને ભરણી નક્ષત્રમાં અર્ધરાત્રી સમયે ૫૦૦ સાધ્વીઓની અભ્યંતર પર્ષદા સાથે ૫૦૦ અણગારોની બાહ્ય પર્ષદા સાથે પાણીરહિત માસ–ભક્ત (મહિનાના ઉપવાસ) વડે લાંબા હાથો કરીને ( કાઉસગ્ગમુદ્રામાં ) વેદનીય, આયુષ્ય નામ તથા ગોત્રકર્મનો ક્ષય થવાથી **સિદ્ધ** થયા.

---

### ‘ દિવ્યધ્વનિ ’

ધ્વનિ દિવ્ય ત્હારો વિશદ અરથોથી યુત પ્રભો !
બધી ભાષાઓમાં પરિણમનને યોગ્ય બનતો. ૪

અનુ૦ **ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા,** એમ. બી. બી એસ.

---

પારિજાત આદિ દેવવૃક્ષો છે. ૫ કાંતિ. ૬ તેજકાંતિ ૭ ચંદ્રથી સૌમ્ય–શીતલ. ૮ પ્રભુનો દિવ્યધ્વનિ. દેવ–મનુષ્ય–તિર્યંચ સર્વે પોતપોતાની ભાષામાં સ્પષ્ટ અર્થથી સમજી શકે છે.

* અત્રે કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે આ દિવ્ય પુષ્પવૃષ્ટિ છે તે જાણે કે ત્હારી દિવ્ય વચનશ્રેણી ખરતી હોયની એવી છે !

\+ પ્રભુનું ભામંડળ તેજથી અનેક સૂર્યોના તેજને પણ જીતી લે એવું છે, છતાં કાંતિવડે તે ચંદ્રથી સૌમ્ય એવી રાત્રીને પણ જીતી લે એવું છે !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ રીતે **મોક્ષનો મહોત્સવ** જેમ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં ( ઋષભદેવ ભગવાનનો ) છે તેમ જાણવો, અને દેવો નંદીશ્વરદ્વીપમાં **અઠ્ઠાઈ મહોત્સવ** કરે છે, પોતાને સ્થાને જાય છે.

હે જંબૂ ! એ રીતે ખરેખર શ્રમણ ભગવાન્ મહાવીરે **આઠમા અધ્યયનનો** આ અર્થ પ્રરૂપ્યો છે, એમ હું કહું છું. (સૂત્ર–૭૮)

**શ્રી માલ્લનાથ ચારિત્ર સમાપ્ત ***

**જ્ઞાતાસૂત્ર અ૦ ૯. સૂત્ર–૮૮.**

ચંપાનગરીમાં શ્રમણ ભગવાન મહાવીર પાસે જિનપાલિતની **દીક્ષા**, અગિઆર અંગના અધ્યયન માસિક સંલેષણા, સૌધર્મ દેવલોક પ્રાપ્તિ વિગેરે.

અ૦૧૩ સૂત્ર ૯૩ થી ૯૫, **નંદમણીયાર** શ્રેષ્ઠીનું શ્રાવકપણું મિથ્યાત્વપણું મૃત્યુ, દેડકાપણે જન્મ, ભગવાન **મહાવીરનું** સમવસરણ, દેડકાની ભાવના, વંદન-

---

* વિશેષ શ્રી જ્ઞાતાસૂત્રમાં નીચેની બાબતો સાહિત્ય–દૃષ્ટિએ ખાસ ઉપયોગી છે.

અન્યસૂત્ર સાક્ષીઃ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, ભગવતીજી, ઉવવાઇ, રાયપસેણી ૮–+ રાયપસેણી ૧૧ ૯૩, ભગવતી સ્કંદક ૧૬–૧૦૭,

ભગવતી ગોશાળ ૧૬–૧૦૮,

મહોત્સવો ૧–૨૧, દીક્ષાના વિઘ્નો ૧–૨૩, ૨૪,

દેવોનો અષ્ટાન્હિક મહિમા–નંદીશ્વર ૮–૬૬, ૭૭, ૭૮

ઘરનામાવળી ૧–૨૭, ૩–૪૮, ૧૭-૧૩૭, ચિત્રશાળા ૮–૭૩, જિનઘર ૧૬–૧૧૯, ઉપાશ્રય ૧૬–૧૦૦.

પ્રાણીવર્ગ ૪–૫૧–૧૭, ૧૩૪, વનસ્પતિ ૧૧–૯૩,

નેમિનાથ કૃષ્ણ ૫–૫૩, પુરૂષાદાનીય પાર્શ્વનાથ સ્કં૦ ૨, વર્ગ ૧ થી ૧૦

શ્રી મલ્લિનાથ ૮–૬૪ થી ૭૮,

મહાદાન ૮–૭૬ લગ્નવિધિ ૧૪–૯૬, ૧૬–૧૧૦, ૧૨૦, ( સ્વયંવર )

તપસીના ઉપકરણો ૫–૫૫, ચોર જાતિ ૧૭–૧૩૭,

સરસવ–માષ–કુલત્થી ૫-૫૫, વજ્ર વિગેરે ૧૭–૧૩૨,

વસ્ત્રજાતિ ૧૭–૧૩૩ વાદ્યો ૧૭-૧૩૩,

નાટ્યવિધિ સંકેત ૧૩–૯૩, સ્કં૦ ૨ વર્ગ ૧ થી ૧૦ વશીકરણાદિ ૧૬–૯૮,

સોની-ચિતારા–વ્યાપારી–મંડપ વર્ણન ૮–૬૮ થી ૭૪, ૭ ઋતુ ૯–૮૧,

સમુદ્ર યાત્રા ઉત્પાતો ૮–૭૦, ૯–૭૯,

ચંદ્રકળા ૧૦ ૮૯,

રોગો–રોગચર્યા ૧૧ ૯૪. ૧૬–૧૦૮,

કુપમંડક દૃષ્ટાંત ૮–૭૪

દ્રૌપદીના સ્વયંવર કાલે પાંડુરાજા જીવતા હતા અ૦ ૧૬ સુત્ર ૧૦૬ થી ૧૩૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રયાણ, ભગવાન મહાવીરનું શરણ, મૃત્યુ, **દર્દુર** દેવપણે ઉત્પત્તિ ભગવાનને વંદન, **નાટયવિધિ** વિગેરે

અ૦૧૪ સૂત્ર ૯૬ થી ૧૦૪ તેતલીપૂત્ર કેવલી ચરિત્ર.

અ૦ ૧૫ સૂત્ર. ૧૦૫. ધન્ના સાર્થવાહનું ચરિત્ર, દીક્ષા વિગેરે.

અ૦ ૧૬ સૂત્ર. ૧૦૬ થી ૧૩૦.

દ્રૌપદીનું પૂર્વ ભવો સહિત, ચરિત્ર; કૃષ્ણ વાસુદેવનું વર્ણન, સ્વયંવર, હર્શરાજ્યોમાં દૂતપ્રેષણ, રાજાઓ, (રાધાવેધનો પાઠ નથી) જીનપૂજા, પાંડવોનું વર્ણન, ભગવાન્ **નેમીનાથ**નો સૌરાષ્ટ્રમાં વિહાર (૧૩૦) પાંડવોનું **શત્રુંજય પર્વત**પર મોક્ષગમન.

અ૦ ૧૮ સૂત્ર ૧૪૦ શ્રમણ ભગવાન્ મહાવીર પાસે ધન્નાસાર્થવાહ વિગેરેની દીક્ષા અંગપાઠ સંલેખના.

શ્રુતસ્કંધ–૨ વર્ગ–૧ અ૦ ૧ સૂત્ર–૧૪૮.

આમલકપ્પા નગરીના કાલ ગાથાપતીની પુત્રી કાલીકુમારીનું વર્ણન. ભગવાન પાર્શ્વનાથ પાસે દીક્ષા, **શિષ્યા ભિક્ષાદાન**, શિથિલાચાર, સંલેખના, દેવીપણે ઉત્પત્તિ, ભગવાન્ મહાવીરસ્વામીને વંદન વિગેરે.

શ્રુતસ્કંધ–૨ વ૦ ૧ અ૦ ૨–૩–૪–૫ સૂત્ર–૧૪૯.

આમલકપ્પા નગરીની રાજીશ્રી, રજની, વિદ્યુતા, મેઘાકુમારીની ભગવાન પાર્શ્વનાથ પાસે દીક્ષા, શિથિલાચાર, દેવી પદપ્રાપ્તિ, ભગવાન્ મહાવીરસ્વામીને વંદન નાટકવિધિ વિગેરે.

શ્રુત૦૨, વ૦૨, અ૦૧ થી ૫, સૂત્ર ૧૫૦– શ્રાવસ્તી નગરીની શુંભા, નિશુંભા, રંભા, નિરંભા અને મદનાની ભગવાન પાર્શ્વનાથ પાસે દીક્ષા વિગેરે કાલીકુમારી સમાન જાણવું.

શ્રુતસ્કંધ–૨ વર્ગ ૩ થી ૧૦ સૂત્ર ૧૫૧ થી ૧૫૮

બનારસની ઇલા વિગેરે ૫૪ કુમારી, ચંપા, નીરૂપા વિગેરે ૫૪ કન્યા, નાગપુરની કમળા વિગેરે ૩૨ કુમારી, શાકેતની ૫ કન્યાઓ, અરક્ષુરિતની સુરપ્રભા વિગેરે ૪ કન્યા, મથુરાની ચંદ્રપ્રભા વિગેરે ૪ કન્યાઓ, શ્રાવસ્તિ વિગેરેની પદ્મા વિગેરે ૮ કન્યાઓ, બનારસ વિગેરેની કૃષ્ણા વિગેરે આઠ કુમારીઓનું વર્ણન.

એ દરેકની ભગવાન પાર્શ્વનાથ પાસે દીક્ષા, શિથિલવર્તન, દેવીપદે ઉત્પત્તિ, ભગવાન મહાવીરને વંદન, નાટયવિધિ વિગેરે.

**જ્ઞાતાસૂત્ર સમાપ્ત.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નીતિ બોધ વચનો.

( સુમનાવલીમાંથી સંગ્રહિત–થોડા ફેરફાર સાથે. )

૧ ' **નીતિ એ ધર્મની પરિચારિકા છે** ' ધર્મની પહેલા નીતિ હોવી જ જોઇએ. માણસે પોતાના સાધ્યને સિદ્ધ કરવા માટે કોઇ પણ દિવસ નીતિથી–નીતિના માર્ગથી ચ્યૂત થવું ન જોઇએ.

૨ તમે તમારી સમક્ષ ઉચ્ચ અને પૂર્ણ આદર્શ રાખો.

૩ દરેક કાર્ય કરો તેમાં તમારો આશય શુદ્ધ રાખો.

૪ "કુદતા પહેલાં આગળ દૃષ્ટિ કરો." કોઇ પણ કાર્ય શરૂ કરો તે પહેલાં તેનો બરાબર વિચાર કરો.

૫ આરંભેલું કામ વચમાં આવતી મુશ્કેલીઓને લીધે છોડો નહિ. ગુલાબના ફુલને કાંટા હોય છે જેથી તમારા પ્રયાસમાં પાછા નહીં હઠતાં કાંટાને દૂર કરો અને તમારો માર્ગ ચોકખો કરો ( શૂરવીર–સજ્જનનું એ લક્ષણ છે. )

૬ "જે પોતાને મદદ કરે છે તેને જ દૈવ મદદ કરે છે." કોઇ દિવસ બીજાના ઉપર આધાર નહીં રાખો. તમારી શક્તિમાં પૂર્ણ વિશ્વાસ રાખો અને ત્યારબાદ તમારાં કાર્ય કરો.

૭ આશાવાદી બનો; કદિ પણ નિરાશ ન થાઓ. એમ માનીને કે 'જે કંઇ થાય તે સારા માટે.'

૮ તમારા વ્યવહારમાં હમેશાં પ્રમાણિક બનો. કદાપિ અરધા દિલના ન બનો. તમારી શક્તિ યોગ્ય માર્ગે દોરો.

૯ સ્વચ્છતાનું રહસ્ય સારી પેઠે સમજી તમો સ્વચ્છ અને સુઘડ બનો; અને આસપાસ પણ સ્વચ્છતા ને વ્યવસ્થા રચો.

૧૦ બાહ્ય સ્વચ્છતા સાથે મનની પવિત્રતાનો મેળ હોવો જોઇએ.

૧૧ 'પોતાને ઓળખો' તમારામાં ઘણી ગુપ્ત શક્તિઓ છુપાએલી છે તેને નકામી પડી રહેવા ન દ્યો. દરેક શક્તિને યોગ્ય કાર્ય સોંપો અને એ રીતે શક્તિનો વિકાસ સાધો.

૧૨ જગતની કોઇપણ ચીજને નકામી ન ગણો. તેનું વિવેકથી પૃથક્કરણ કરો- કરતાં શિખો, જેથી તેનું ખરૂં રહસ્ય સમજાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩ તમારા વિચારોને ઉતાવળીઆ નિર્ણયથી તણાઇ જવા નહિ દ્યો; ઉંડો વિચાર કર્યા વગર તમારો નિર્ણય જણાવો નહીં.

૧૪ કોઇના તરફ દુષ્ટ ઇચ્છા બુદ્ધિ નહીં રાખો-દ્વેષ નહીં રાખો.

૧૫ સરલ અને સ્પષ્ટ વક્તા બનો. મનને ચોકખું-પ્રસન્ન રાખો.

૧૬ હમેશાં વિનયી--નમ્ર-મૃદુ સ્વભાવના બનો.

૧૭ દરેક તરફ દયાવાન બનો. તમારી મદદ શોધતો આવે તેને કોઇ જાતના સંકોચ કે ભેદ વિના આપો, તેનો બદલો તમને મળી રહેશે. અભય આપી ને તમે અભય મેળવી શકશો.

૧૮ તમારાથી ઉતરતા દરજ્જાના માણસો સાથે વાત કરતા હો ત્યારે પણ મોટા-પણાનો ઘમંડ ન કરો. મળતાવડા ને માયાળુ બનો. સ્વમાન પણ સાચવો. તમારી ભલમનસાઇનો દુરૂપયોગ ન થાય.

૧૯ કોઇપણ વાતનો અહંકાર ન કરો. આપણા કરતાં વધુ સારા, વધુ શકિતશાળી પરોપકારી માણસો હોય તેમનું અનુકરણ કરો.

૨૦ તમારા વ્યવહારમાં હમેશાં સરલ બનો. જો એક વાર પ્રતિષ્ઠા ગુમાવશો તો તમે હંમેશના ગયા, માટે પ્રતિષ્ઠા જાળવી રાખશો.

૨૧ પ્રમાણિકતા એ સૌથી ઉત્તમ સિદ્ધાન્ત છે. સામાન્ય બાબતમાં પણ હંમેશ પ્રમાણિક બનો. અપ્રમાણિક માણસ જીવનમાં કદાપિ સફળ થશે નહીં.

૨૨ કોઇપણ વાતનો ખોટો ડોળ કરો નહી. ઘણાએક ઘણું બોલી થોડું કર્તવ્યમાં મૂકે છે, જ્યારે તમે થોડું બોલી ઘણું કરી બતાવો.

૨૩ બીજા તમારી—તમારા ગુણની પ્રશંસા કરે ત્યારે તમે તમારી જાતને ભેળવો નહીં. આત્મશ્લાઘા કરો નહીં, તેમ ઇચ્છો પણ નહીં.

૨૪ હમેશાં બહાદુર અને હિમ્મતવાન રહો તો જય-વિજય પામશો.

૨૫ તમારી જાતને દુઃખથી કસતા રહો. તેનાથી ટેવાઇ તમે મજબૂત બનશો જેથી તમારા જીવનમાં તમારે કંઇ ડરવાનું રહેશે નહીં.

૨૬ આવતીકાલને વાયદે છોડો નહીં, જે સારૂં કામ આજે જ કરવું જોઇએ તે કાલ ઉપર ન રાખો. વચમાં રાત્રિયોગે તમારા વિચાર બદલાઇ જાય.

૨૭ તમો બીજા તરફથી જેની આશા રાખો તે જ પ્રમાણે બીજા તરફ તમે વર્તો. સહુને અનુકૂળ થઇને ચાલવાનું પસંદ કરવું.

૨૮ દરેક માણસને બંધુરૂપ સમજો અને તેને માટે તમારૂં બનતું કરો. એક-બીજાને મદદ કરવી એ આપણી ફરજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૯ સાચું સુખ દરેકને સ્વસમાન ગણવામાં જ અને બીજાનું ભલું કરવામાં જ સમાએલું છે. જો એમ થઇ ન શકે તો જીવનની સાર્થકતા શી ?

૩૦ જીંદગી માત્ર ક્ષણિક સુખવિલાસો માટે નથી પણ ઘણો-અતિઘણો ઉચ્ચ ઉદ્દેશ-જીવન ઉદ્દેશ સિદ્ધ કરવા માટે છે.

૩૧ સમય બરબાદ ન કરો. જે ગુમાવશો તે ફરી આવશે નહીં.

૩૨ દરેક જણ પાસેથી કાંઇક પણ સદ્ગુણ ગ્રહણ કરવાનો પ્રયાસ કરો, તેની ભૂલો-ખામીઓ તરફ ન જુઓ. તેની ઉજળી બાજુ જુઓ. દરેક ચીજ આપણને શિખામણ લેતા આવડે તો આપી રહી છે.

૩૩ દરેક કામમાં આસ્થા રાખો-રાખતાં શિખો.

૩૪ આદતો ઘડવામાં હંમેશા કાળજી રાખો. સારી આદતો જરૂર પાડવી.

૩૫ તમારા નિશ્ચિત કરેલા કાર્યોમાં નિયમિત બનો. નિયમિત માણસોનો વિશ્વાસ થઇ શકે છે; બીજાનો નહીં.

૩૬ સહુની સાથે ખૂબ સભ્યતાથી વર્તો, ચિન્તારહિત-પ્રસન્ન રહો.

૩૭ કોઇનો પણ તિરસ્કાર ન કરો. બીજાઓની લાગણીઓ અનુભવતાં શિખો અને તે મુજબ તમારા માર્ગોને દોરવો.

૩૮ કોઇને પણ પીડા ન ઉપજાવો. સહુને સ્વઆત્માની જેમ ચાહો.

૩૯ કદાપિ સત્ય છોડો નહીં અને અસત્ય વદો નહીં. બીજાની સાથેના વ્યવહારમાં હંમેશા સાચા ને પ્રમાણિક બનો. મશ્કરીમાં અસત્ય ન આવે તેવો પ્રયાસ કરો. માયામૃષા ન જ સેવો.

૪૦ સહુની સાથે દયા અને પ્રેમની લાગણીથી વર્તવું જોઇએ.

૪૧ જો તમે આધ્યાત્મિક ઉન્નતિ અને તંદુરસ્તી ચાહતા હો તો કદાપિ અભક્ષ્ય ભક્ષણ ન કરો. માદક વસ્તુથી દૂર પરહેજ રહો.

૪૨ સત્ય અને સરલ માર્ગે ચાલો. સાદાઇ અને સંયમ આદરો.

૪૩ તમારી પાસે જે કાંઇ હોય તેનાથી સ્વાત્મસંતોષી રહો, જેથી તમોને હંમેશનું સુખ જણાશે. તમોને જે કંઇ મિલ્કત બીજાએ સુપ્રત કરી હોય તે બાબતમાં કદાપિ પણ વિશ્વાસઘાત કરતા નહીં.

૪૪ પ્રથમના પચ્ચીશ વર્ષ સુધી બ્રહ્મચારી જીવન ગુજારો. ત્યારપછી ગૃહસ્થ જીવનમાં સ્થિર થાઓ ત્યારે તેમાં ઘણી જાતની ફરજો બજાવવાની હોય છે તેને ન વિસારો. વિષયવાસના ઓછી કરવાથી તે બની શકે છે.

૪૫ વિષયવિકાર વધે એવા બાહ્ય રૂપ-રંગથી સુજ્ઞોએ મોહાવું ન જોઇએ. તત્ત્વદૃષ્ટિથી વિચાર કરતાં વિષયવિકાર ઉપર જય મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૬ માનસિક શક્તિઓના વિકાસનો આધાર બહુધા બ્રહ્મચર્ય પાળવા ઉપર રહે છે, જેથી હંમેશા વિચાર, વાણી તેમજ વર્તનમાં સંયમી રહો-રહેવા પ્રયત્ન કરો.

૪૭ કોઇપણ ખરાબ વિચારને પોતાના મનમાં પેસવા ન દ્યો.

૪૮ સ્ત્રી સાથે એકાંત સેવન કરો નહિં, તેની સાથે હાંસી-મશ્કરી કરો નહીં, તેમજ તેના અંગોપાંગાદિકની સુંદરતા નિહાળો નહીં.

૪૯ તમારા વિકારો અને સ્વાદો ઉપર કાબૂ મેળવવા પ્રયત્ન કરો. વિકારોના ગુલામ ન બનો, પણ તેમને કાબૂમાં રાખો.

૫૦ તમારી જરૂરીયાતો ઓછી તેમ તમે વધારે સુખી રહેશો.

૫૧ પગ જોઇને પાથરણું ખેંચો. તમારા ખર્ચને આવકની હદમાં રાખવાની કાળજી રાખો. બીજાઓ પાસેથી લઇ દેવું કરો નહીં. ખાસ કરીને તમારા મિત્ર-સ્વજનના લેણદાર કે દેણદાર ન બનો; નહિં તો કદાચ તમારે મિત્રતા ને પૈસો બંને ગુમાવવાં પડશે.

૫૨ કસોટી કર્યા વગર વિશ્વાસ કરશો તો તમારે પસ્તાવું પડશે. સચ્ચાઇની કસોટી કર્યા પહેલાં કોઇમાં વિશ્વાસ મૂકો નહીં.

૫૩ મિત્રોની પસંદગીમાં ખાસ કરીને કાળજી રાખો.

૫૪ જાહોજલાલી મિત્રો મેળવે છે અને મુશ્કેલી તેની કસોટી કરે છે. જો ખરૂં હિત ઇચ્છતા જ હો તો સાચા સાન્મત્રને શોધી તેનો જ ખૂબ આદર કરો, જેથી બંને ભવ સુધરી શકે.

૫૫ એક સ્વાર્થ મિત્ર હોય છે અને બીજા નિઃસ્વાર્થ મિત્ર હોઇ શકે છે, તેનો ભેદ સમજી તેનો યોગ્ય આદર કરો.

૫૬ ગૌ અને પન્નગ ( સર્પ ) ની પેરે પાત્રાપાત્રનો વિવેક કરવા યોગ્ય છે. ગૌને નીરવામાં આવતા ઘાસમાત્રથી અમૃતસમું દૂધ નીપજે છે અને સાપને પાવામાં આવતાં દૂધમાંથી વિષ-ઝેર પેદા થાય છે. પાત્રાપાત્રમાં એટલો બધો તફાવત છે.

૫૭ અજ્ઞાનવશ કોઇને તેની પ્રકૃતિ કે નબળાઇને માટે ખીજવવો નહીં. આપણે તેને સારૂં દૃષ્ટાન્ત બેસાડવું અને ખરો માર્ગ બતાવવો જોઇએ.

૫૮ જે સદ્ગુણ આપણે જીવનમાં ઉતાર્યો હોય તે સંબંધી સામાને સચોટ સમજાવી છાપ પાડી શકાય છે. ઇતિશમ્.

સં૦ **સદ્ગુણાનુરાગી મુનિ૦ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

લેખક:—મુનિ ન્યાયવિજયજી

( ગતાંક પૃષ્ઠ ૨૦૮ થી શરૂ )

બાકી પંચમ કાલનો પ્રભાવ અહીં પણ દૃષ્ટિગોચર થાય છે. કુસંપ રાક્ષસનું ઘર અહીં પણ છે. અજાણ્યાને કે નવીન આવનારને લગારે ખબર ન પડે, અરે તેની ગંધ સુદ્ધાં ન આવે કે અહીં કુસંપ હશે; પરન્તુ સ્થાલીપુલાક ન્યાયેન અંદર ઉતરીને જોનારને તરત જ તેની બ્ર્ણો આવ્યા વગર નહિં રહે. જેટલી મોઢાની મીઠાશ અને વાણીનો વિનય છે તેટલી હૃદયની શુદ્ધિ અને સાચી નમ્રતા, વિનયભાવના હોત તો આજે બંગાળમાં જૈનોનું સ્થાન બહુ જ ઉંચું હોત; અને ભારતમાં તેમની કીર્તિના ડંકા વગતા હોત યત્ર સર્વેઽપિ નેતારઃ હોય બધાય અહમેંદ્રો હોય અને ઇર્ષ્યાનું સામ્રાજ્ય હોય ત્યાંથી ઉદય કે પ્રભાવના-ગૌરવ સેંકડો કોશ દૂર જ છે, એ સમજવાની જરૂર છે. એક વકીલ મહાશયના શબ્દોમાં કહું તો બધાય વાસુદેવો છે. અસ્તુ. કલિકાલના પ્રભાવથી કોણ મુક્ત છે કે તેઓ પણ મુકત હોય? છતાં ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ કે મહારાષ્ટ્રની વર્તમાન પરિસ્થિતિ કરતાં અહીં ઘણો જ ફેર છે, એ ઓછી ખુશીની વાત નથી.

પૂર્વ દેશનાં કેટલાંય તીર્થોના વ્યવસ્થાપક શ્વેતાંબર જૈન તીર્થકમીટીના મેનેજર મહારાજ બહાદુરસિંહજી બાલુચરમાં-હાલમાં કલકત્તા વસે છે. પૂર્વપુણ્યના પ્રતાપે આવો સુંદર સુયોગ તેઓશ્રીને સાંપડયો છે, તેનો લાભ લઇ તીર્થરક્ષાનું કાર્ય વ્યવસ્થિત કરી સુન્દર રીતે તેનો વહીવટ કરે એમ દરેક ઇચ્છે છે. પોતાની શ્રી, ધી, લાગવગ અને સત્તાનો યદિ સુન્દર રીતે વિવેકપૂર્વક ઉપયોગ કરી તીર્થરક્ષા કરે તો પૂર્વદેશમાં એક પણ તીર્થ એવું ન રહે કે જેથી કોઇને અસંતોષ કે ઉકળાટ જેવું રહે; એટલું જ નહિ કિન્તુ કોઇપણ તીર્થ જીર્ણ હાલતમાં પણ ન જ રહે શાસનદેવતા તેમને સદ્બુદ્ધિ અર્પે એ શુભેચ્છા.

અહીંથી સુંદર વનરાજીથી વિરાજતાં, તીર્થંકરોના પાદરેણુથી પુનિત સઘન જંગલોનું નિરીક્ષણ કરતાં ચંપાનગર તરફ વિહાર કર્યો. અન્તિમ તીર્થપતિ મહાવીરદેવે વિહાર કરેલાં ગ્રામોનાં નામ વર્તમાન ગ્રામો સાથે તથા માર્ગ સાથે મેળવતા કંઈક નવીન પ્રાપ્ત કરવાની અભિલાષાથી ચર્ચાઓ કરતા આગળ વધ્યા. અજીમગંજથી ચંપાનગર ૧૦૨ માઇલ દૂર છે, વચમાં ૭૦ મા માઇલ ઉપર બાંસી આવ્યું.

### બાંસી.

આ સ્થાનથી ચંપાનગર ૧૬ કોશ—૩૨ માઇલ દૂર છે. ભાગલપુરથી એક નવી નાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રેલ્વેલાઇન કાઢી છે જેનું આ અન્તિમ સ્ટેશન છે. સ્ટેશનનું નામ **મંદારહિલ** છે. બાકી ચોતરફ મોટરો દોડે છે. શ્રાવકોએ તો ભાગલપુરથી રેલ્વેલાઇને અહીં આવવું ઠીક છે. ગામનું નામ બાંસી છે. સ્ટેશનની નજીક જ છે. અમે તો ગામબહારની ડી. બો. ની ધર્મશાળામાં ઉતર્યાં હતા. ગામમાં દિગંબર જૈન ધર્મશાળા છે, પરન્તુ અમે શ્વેતાંબર જૈન સાધુ હોવાથી અમને ધર્મશાળામાં ઉતરવા ન જ દીધા. ( અહીં અમને પડેલી અગવડ કે મુશ્કેલીનું વર્ણન આપી શ્વે. દિ. શ્રાવકોમાં મનોભેદ કરાવવા નથી માગતા; પરન્તુ ધર્મ-શાળાના મેનેજર મહાશયે પોતાની માનવતા રાખી હોત તો કાંઇ વાંધા જેવું ન હતું. વૈષ્ણવ મહાશયે ધર્મશાળામાં ઉતાર્યા પણ તે મહાશયે તો પોતાનું મૂળ સ્વરૂપ જ બતાવ્યું—અસ્તુ )

અમે જે સ્થાને ઉતર્યા હતા ત્યાંથી બે થી રા। માઇલ દૂર **મંદારગિરિ** નામનો પહાડ છે. મંદારહિલ સ્ટેશનથી ૧॥ માઇલ દૂર પહાડ છે. મંદારગિરિ ઉપર **વાસુપૂજ્ય પ્રભુનું નિર્વાણ કલ્યાણક** થયું છે. ચંપાનગરીનો પ્રાચીન વિસ્તાર અહીં સુધી ગણાય છે. પહાડનો ચઢાવ ૧ માઇલથી ઓછો છે. ઉપર બે મંદિરો છે, ત્યાં શ્રી વાસુપૂજ્ય પ્રભુની પાદુકા છે. પાદુકા જીર્ણ અને ઘસાઇ ગયેલ છે મંદિરોની સ્થિતિ પણ એવી જ છે, પણ છે પ્રાચીન. સાંભળવા પ્રમાણે પહાડ દિગંબરોએ હમણાં હમણાં વેચાતો લીધો છે અને ત્યાં પોતાની સત્તા જમાવવા માંગે છે; પરન્તુ અમુક વર્ષો પહેલાં આ તીર્થ-સ્થાન શ્વેતાંબરોના જ તાબાનું હતું. અહીંનો વહીવટ અને વ્યવસ્થા શ્વેતાંબરો જ કરતા હતા. અત્યારે તો દર્શન અને પૂજને આવે છે. આજથી ત્રણસો વર્ષ પહેલાં યાત્રાએ આવેલા વિદ્વાન જૈન સાધુઓ આ તીર્થનું વર્ણન આ પ્રમાણે આપે છે.

"ચંપાથી દક્ષિણ સાર રે, ગિરિ મક્ષુદા નામ મંદાર રે;
કોશ સોલ કહેં તે ઠાંમિ, તિહાં મુક્તિ **વાસુપૂજ્ય સ્વામિ** રે.
પ્રતિમા પગલાં કહિવાય, પણિ યાત્રા થોડા જાય રે;
એહવી વાણિ વિષ્યા તરે, કહેં લોક તે દેશી વાત રે
તે તીરથ ભૂમિ નિહાર રે આયા ભાગલપુર સુવિચાર રે.

( પ્રાચીન તીર્થમાલા. પૃ. ૮૨, સૌભાગ્ય વિ. )

એટલે અત્યારનું મંદારહિલ એ જ પુરાણું **મંદારગિરિ** છે, જે પ્રાચીન શ્વેતાંબર તીર્થ છે. ( દિગંબર મહાનુભાવો શ્વેતાંબરોના તીર્થોમાં હક્ક માટે લડે છે, ઝઘડે છે, પરન્તુ આખા શ્વેતાંબર તીર્થો જ દિગંબર કરી દ્યે છે, પોતાના તાબામાં કરી લ્યે છે તે તેમની સંકોચિત વૃત્તિનો પુરાવો છે. વરાડમાં આવેલ **મુક્તાગિરિ** પણ શ્વેતાંબર તીર્થ હતું. ૧૯૪૦ સુધી તેનો વહીવટ પણ શ્વેતાંબરો જ કરતા. હાલમાં ત્યાંનાં દરેક મંદિરોમાં મૂળનાયક તથા બીજી મૂર્તિઓ શ્વેતાંબર છે. આ પહાડ પણ તેમણે વેચાતો લીધેલ છે, તેમજ **બટેશ્વર**, તથા મહાવીરજી પણ શ્વેતાંબર તીર્થો જ હતાં—છે. જેને દિગંબર કરવા પ્રયત્ન ચાલે છે. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંદારગિરિ ઉપર જઈ વાસુપૂજ્ય પ્રભુના નિર્વાણ કલ્યાણકના પવિત્ર મંદિરમાં દર્શન કરી અમને ઘણો જ આનંદ થયો. અહીંથી વિહાર કરી વાસુપૂજ્ય પ્રભુની તથા વીર પ્રભુની પાદરેણુથી પુનિત ભૂમિની ફરસના કરતા **ભાગલપુર** આવ્યા.

**ભાગલપુર.**

અજીમગંજથી ૧૦૨ માઈલનો વિહાર કરી અમે સીધી પાકી સડકે અહીં આવ્યા. રસ્તામાં પાર વિનાની મુશ્કેલીઓ તો પડતી, પરન્તુ પૂનિત તીર્થભૂમિની ફરસનાના ઉત્સાહે બધું વિસારી દેતા હતા. ભાગલપુરમાં ૮-૧૦ શ્રાવકનાં ઘર છે. શ્રાવકોએ ભાગલપુર સ્ટેશને ઉતરવું અને સામે જ જૈન શ્વેતાંબર ધર્મશાળા છે. અંદર શ્રી વાસુ-પૂજ્ય પ્રભુનું સુંદર મંદિર છે. અંદર મિથિલા નગરીના પ્રાચીન મંદિરમાંથી શ્રી **મલ્લિનાથ** પ્રભુની તથા **નમિનાથ** પ્રભુની કસોટીની પાદુકાઓ લાવીને પધરાવેલ છે. પાદુકા બહુ જ સુંદર અને દર્શનીય છે. **મિથિલા** નગરીમાં બન્ને તીર્થંકર દેવનાં ચાર-ચાર કલ્યાણક થયાં છે. અન્તિમ તીર્થંકર શ્રી વીર પરમાત્માએ અહીં બે ચાતુર્માસ કર્યાં છે આજ તો નથી એક પણ શ્રાવકનું ઘર કે જિનમંદિર. જે જીનમંદિર હતું ત્યાં જિનવરેન્દ્રની મૂર્તિના બદલે શિવલીંગ વિરાજે (?) છે. બ્રાહ્મણનું જોર છે. વિદ્યાનું કેન્દ્ર છે. મૈથીલી બ્રાહ્મણો સમર્થ વિદ્વાન અને કટર માંસાહારી-માછલી તથા દેવદેવી આગળ ધરેલાં પશુના બલિદાન ખાવામાં નામાંકિત (?) ગણાય છે, અત્યારે તો આ તીર્થસ્થાન વિચ્છેદ જેવું ગણાય છે. કોઈ દાનવીર, ધર્મવીર, શાસનપ્રેમી પુરૂષ જાગે અને તીર્થનો ઉદ્ધાર કરી પુનઃ તીર્થ સ્થાપે તો અમાપ પુણ્ય ઉપાર્જન થાય તેમ છે. નવાં તીર્થ સ્થાપવા કરતાં આવાં પ્રાચીન કલ્યાણક ભૂમિના તીર્થોને વિચ્છેદ જતાં બચાવી જીર્ણોદ્ધાર કરવાની ઘણી જ જરૂર છે. નવાં તીર્થોની સ્થાપના કરતાં આવાં તીર્થોના ઉદ્ધારમાં અગણિત પુણ્ય સમાયું છે. હાલમાં તો કલકત્તાના સુપ્રસિદ્ધ દાનવીર બાબૂજી શ્રી રાયબદ્રિદાસજીએ વેચાતી લીધેલી જમીન વિદ્યમાન છે.

ભાગલપુરમાં રેશમનાં કારખાનાં, તથા તેનો ધંધો ઘણો છે. ભાગલપુરથી ચંપાનગર ત્રણ માઇલ દૂર છે વચમાં નાથનગર આવે છે. આ સ્ટેશન પણ છે. સ્ટેશનથી નજીકમાં જ **રાયસુખરાજરાયનું** સુંદર કાચનું મંદિર છે. મંદિર નાનું, નાજુક અને રમણીય છે. તે નીચે બાજુમાં ઉપાશ્રય છે અને પછવાડે બાબૂજી પોતે રહે છે. અહીં પાંચથી છ ઘર છે. અહીંથી ચંપાનગર ૧૧ માઇલ દૂર છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પરમાર્થ માર્ગમાં નડતા આઠ વિઘ્નો.

(ગતાંક પૃષ્ઠ ૨૦૫ થી શરૂ)

**ગુરૂભાવ**–(૫) સાધન અવસ્થામાં ગુરૂભાવ થતાં મનુષ્યોને માટે કેટલીક વખત બહુ હાનિકારક થઇ પડે છે, અને તે વખતે સિદ્ધ અવસ્થા પ્રાપ્ત પોતે તો ન કરી શકે, કારણ કે તે સાધનપથ રોકાઇ જાય છે જેથી તે બીજાને, પણ પાર પહોંચાડી શકતો નથી; અને અંધો અંધાની લાકડી પકડી સર્વને ધકેલી દે છે તેવી દશા તેની થાય છે. સ્વયં લક્ષ્યતક પહોંચે નહિં ત્યાં સુધી ગુરૂભાવનો અધિકારી થઇ શકતો નથી. ભક્તો કોઇ સેવા કરે તો તેના ઉપર મોહ થાય છે, અને કોઇ પ્રતિકુલ થાય તો તેના ઉપર ક્રોધી બને છે. છેવટે કષાયો વધી જતાં પતન થાય છે. સાધનમાર્ગમાં બીજાને સાથી બનાવવો, મિત્રભાવે એકબીજાને સહાયતા કરવી, ભૂલેલાને માર્ગ બતાવવો, બિમારોની સેવા કરવી, અશક્તોને શક્તિવાળા બનાવવા, ધૈર્ય પ્રદાન કરવા તે જ સાધકોનું કર્તવ્ય છે; પરંતુ પોતાને ગુરૂ મનાવી–પોતે ગુરૂ બની અન્ય પાસે સેવા કરાવવી, પૂજા પ્રાપ્ત કરવી; પોતાને ઉંચા માની બીજાને નીચા માનવા, સંપ્રદાયનો મમત્વ વધારવા પ્રયત્ન કરવા, પોતાના મત આગ્રહથી ચલાવવા, પોતાના પરાક્રમ જણાવતાં બીજાની નિંદા કરવી, લઘુતા બતાવવી વગેરે ભૂલો સાધનપથગામીએ નહિ કરવી જોઇએ.

બાહ્યદેખાવ–આડંબર પરમાર્થ સાધનમાં દેખાવની ભાવના અતિ બૂરી છે વસ્ત્ર, ભોજન, આશ્રમ વગેરે બાબતોમાં મનુષ્ય પહેલાં તો સંયમભાવથી કાર્ય કરે છે, પરંતુ પછી પ્રાયે કરીને દેખાવનો ભાવ આવે છે. પ્રથમ આશ્રમ એવો સુંદર બનાવે કે જેને દેખતાં લોકોનું મન મોહિત થઇ જાય. ભોજનમાં એટલી સાદાઇ બતાવે કે લોકો આકર્ષિત થઇ જાય, વસ્ત્રો સાદા અને એવા ઢંગથી પહેરે કે તેને જોતાં મનુષ્યોના મન એકદમ ખેંચાય; પરંતુ જ્યારે તે ધીમે ધીમે દેખાવ–આંડબર રૂપે (આત્મા ખરેખર સાધનપથ ઉપર ન હોવાથી) થઇ જાય છે ત્યારે સાધકને સાધના પરથી પાડી નાંખે છે જેથી બહારના દેખાવથી સદા બચતાં રહેવું જોઇએ.

**પરદોષ ચિંતન**–(૬) સાધનમાર્ગમાં આ વસ્તુ પણ મહાન વિઘ્નરૂપ છે. જે મનુષ્યો પારકા દોષનું ચિંતન કરે છે તે પરમાત્માનું ચિંતન કરી શકતો નથી. આવા મનુષ્યો વાણીવિલાસ માટે હુશીયાર હોય છે. કોઇપણ મનુષ્યમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે કંઇપણુ ગુણુ હોય તેની સાથે કંઇ વાંધો, સ્વાર્થ ભંગ કે ઇર્ષા હોય તો તે ગુણુને દોષરૂપે અને પોતાના પ્રિયજન કે સ્વાર્થ જેની પાસે સાધવાનો હોય તેના દોષને ગુણુરૂપે અને યત્કિંચિતને મેરૂસમાન ગુણુરૂપે જાહેરમાં એવી સફાઇથી રજુ કરે છે કે લોકો તેટલી વખત અંજાઇ જાય છે. આવા મનુષ્યો હંમેશા દંભી હોય છે અને તેવા મનુષ્યો જ પરદોષ-ચિંતન કરનાર અવશ્ય હોય છે, તેથી તે કદાચ સાધનમાર્ગ પર હોય તો તેનું પતન થાય છે અને ન હોય તો સાધનમાર્ગમાં તે પ્રવેશ કરી શકતો નથી. તેના ચિત્તમાં હંમેશા દ્વેષાગ્નિ પ્રજ્વળ્યા કરે છે. તેની જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં તેને દોષ જ દેખાય છે, અને જ્યાં જ્યાં જાય ત્યાં આત્મશ્લાધા અને પરની નિંદા જ કરી બેસે છે. પરદોષ દર્શન અને પરનિંદા સાધનપથમાં ઉંડા ખાડા જેવી છે કે જેમાં તેને ધકેલી દે છે, જેથી સાધકે પોતાની સાચી નિંદા કરવી અને પોતાનામાં શું દોષો છે તે જોવા જોઇએ. જગતમાં ઉદાસીન રહેવું તે તેને માટે શ્રેયસ્કર છે.

**સાંસારિક કાર્યોની અધિકતા**–(૭) મનુષ્યોએ ઘરના સાંસારિક, વ્યવહારના, આજીવિકાના વગેરે કાર્યો એટલી હદસુધી કરવા જોઇએ કે જીંદગીની આવશ્યક બાબતો વિચારવા માટે પર્યાપ્ત સમય પણુ રહે. જે માણુસ દિવસ–રાત ઉપરોક્ત કાર્યોમાં મંડયો રહે છે તેને વિશ્રામ કરવાની પણુ ફુરસદ રહેતી નથી તેમજ કલાક-બે કલાક સ્વાધ્યાય, ધ્યાન, આત્મચિંતન, પરમાત્મ ભકિત કરવાને પણુ અવકાશ મળતો નથી. તેમનો આખો દિવસ વેપારમાં અને પૈસા કમાવા માટે હાયવોય કરતા વિતે છે. ધર્મધ્યાન કરવાનું, યાત્રાના પવિત્ર સ્થળોમાં વિચરવાનું, સુકૃત્યમાં ઉદારતાથી પૈસા આપવાનું મન થતું નથી, અને પોતાના તે કાર્યોની ચિંતામાં-આર્તધ્યાન કરતાં કરતાં જ નિદ્રાને આધીન બને છે અને વખતે તેને તેના સ્વપ્નાઓનું પણુ સેવન થયા કરે છે. ખરી રીતે તો સાંસારિક પદાર્થોની અધિક સંગ્રહની ઇચ્છા તે જ દૂષિત છે. ભલે ધનસંચય કર્યા જવાય છતાં એટલા કામ તો નહિં વધારવા જોઇએ કે જેની સંભાળ, રક્ષણુ અને દેખરેખ રાખવા જતાં જીવનના અમૂલ્ય સમયમાં છેવટ બેજ ઘડી સ્વસ્થ ચિત્તે પરમાત્મભકિત–આત્મકલ્યાણુ કર્યા વિના વીતી જાય. જે બિચારાઓને પેટ પૂરૂં ભરાતું નથી તે કદાચિત દિનરાત ધંધામાં મંડયો રહે, તેમજ વધારેમાં વધારે કાર્યનો વિસ્તાર કરે તે તો કદાચ ક્ષંતવ્ય છે; પરંતુ જે સીધા કે આડકતરી રીતે (જેને ધન પુષ્કળ છે–પુષ્કળ મળે છે તેઓ) ધનની વિશેષ પ્રાપ્તિ માટે કાર્યોને–ધંધાને એકલા વધારેજ જાય છે તે તો ચોકખી રીતે ભૂલ કરે છે. તેટલા માટે જ્યાં તક મળી શકે ત્યાં સાધક પુરૂષોએ સાંસારિક કાર્યો એટલે સુધી કરવા જોઇએ કે જેટલામાં ગૃહસ્થ જીવનનો ખર્ચ સાદી રીતે ચાલી શકે, પ્રતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

અનુવાદક—વિઠ્ઠલદાસ મૂ. શાહ

( ગતાંક પૃષ્ઠ ૨૧૭ થી શરૂ )

કઠિન અને શ્રમસાધ્ય કામ કર્યા પછી મનને થાક લાગે છે, એથી એ આત્મા ન હોઇ શકે. આત્મા તો અનંતશકિત છે, મન તો આત્માનું કેવળ હથિયારમાત્ર છે. એને નિયમિતપણે શાસિત કરવું જોઇએ. જેવી રીતે તમે અનેકવિધ કસરતોવડે શારીરિક-શકિતનો વિકાસ કરો છો તેવી જ રીતે તમારે માનસિક શિક્ષણ, માનસિક સંસ્કૃતિ અને માનસિક શ્રમવડે મનને શિક્ષિત કરવું જોઇએ.

સ્વપ્નકાળમાં ઇન્દ્રિયોને એવી રીતે હઠાવી દેવામાં આવે છે કે જેવી રીતે આપણે સુઇ જવા પહેલાં આપણો પોશાક હઠાવી દઇએ છીએ. મન સ્વપ્નાવસ્થામાં કેવળ ક્રીડા કરે છે. સ્વપ્નમાં જમીન, સમુદ્ર, બાગબગીચા, હાથી, ઘોડા કશું નથી હોતું, પરંતુ મન પોતાની અંદરથી જાગ્રતદશામાં પ્રાપ્ત થયેલા પદાર્થોદ્વારા તેની સૃષ્ટિ રચે છે. તે દ્રષ્ટા તેમજ દૃશ્ય છે. સ્વપ્ન જ્યાં સુધી હોય છે ત્યાં સુધી તે સ્વપ્ન વિષય હોય છે. જેવા તમે જાગ્રતદશામાં આવો છો કે તરતજ સ્વાપ્નિક પદાર્થ નષ્ટ થઇ જાય છે; પરંતુ જાગ્રત અવસ્થાના પદાર્થ મનથી અલગ સ્વતંત્ર અસ્તિત્વ રાખે છે અને જાગ્યા પછી તમે એને હમેશાં યથાસ્થાન જુઓ છો. એટલા માટે એ દ્વિકલ કહેવાય છે. એને માટે એક દૃષ્ટાંત છે. દોહનાર ત્યાં સુધી જ ઉભો રહે છે જ્યાં સુધી ગાય દોહવા દે છે, ગાય પણ ત્યાં સુધી જ ઉભી રહે છે જ્યાં સુધી દોહનાર રહે છે.

---

દિન નિયમિત રીતે પરમાત્મભક્તિ, દેવ-ગુરૂ-ધર્મની સેવા, જ્ઞાનની અભિવૃદ્ધિ, પરમાર્થ સાધન માટે સમય મળી શકે, ચિત્તની અશાંતિ ન થાય, પ્રમાદ અને આળસનો પ્રસંગ ન પ્રાપ્ત થાય, કર્તવ્ય પાલનની તત્પરતા બની રહે અને મનુષ્ય જીવનનું મુખ્ય ધ્યેય પરમાત્મ-પ્રાપ્તિનું ભૂલથી પણ વિસ્મરણ ન થાય.

વિઘ્નો આ સિવાય નાના નાના ઘણા છે પણ આ આઠ મુખ્ય હોવાથી તેનું વર્ણન અહિં ટુંકમાં આપ્યું છે. દેવ-ગુરૂ-ધર્મ ઉપર શ્રદ્ધા રાખવાથી, તેનો આશ્રય ગ્રહણ કરવાથી વિઘ્નો નષ્ટ થાય છે અને પરમાત્મ સ્મરણ, ભજન-ભકિતથી પરમાર્થ પથ ઉપર ચાલતા મનુષ્ય છેવટે પરમાત્મા બને છે.

**આ. સં. ગાંધી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે તમે આ દુઃખમય જગતમાં માનવી કષ્ટોની ઇયત્તા જાણો છો ત્યારે તમે વસ્તુતઃ સત અને અસત્ જાણી શકો છો. એ જ વિવેક છે–બ્રહ્મ સત્ છે, જગત અસત છે. વિવેકથી જ શ્રદ્ધા વધશે અને આત્માનુભવ માટે અભિલાષા અથવા તીવ્ર ઉત્કંઠા ઉત્પન્ન થશે ત્યારે જ તમને સદા સત્યનું જ સ્મરણ થશે અને છેવટે તમને જણાશે કે આત્મા જ પરમાત્મા છે. સતત અભ્યાસવડે નામ રૂપ અને સંકલ્પ લુપ્ત થઇ જશે, અને તમે આત્માનુભવ કરશો. વિવેક, શ્રદ્ધા, અભિલાષા, સતત સત્યાનુસ્મરણ, સ્વીકરણ અને છેવટે અનુભવ એ આત્માનુભવના ઉપાય અથવા વિભિન્ન અવસ્થાઓ છે.

જ્યાં સુધી નામ અને ખ્યાતિની લેશપણ ઇચ્છા હોય છે ત્યાં સુધી સત્યનું દર્શન નથી થતું. સત્ય તો સ્વયમેવ ચમકી ઉઠે છે. એને વિજ્ઞાપનની આવશ્યકતા નથી હોતી. એ સર્વ જીવો અને પદાર્થોનો આત્મા છે.

મન કોઇ ને કોઇ પ્રકારે કોઇ સુખપ્રદ અથવા અનુકૂળ ભાવનાઓમાં આસક્ત થાય છે. કોઇ માણસ કાશ્મીરમાં રહેતો હોય કે ગમે તેટલે દૂર ગમે તે પ્રદેશમાં રહેતો હોય અને ત્યાંના ચિત્તાકર્ષક દૃશ્યોનો ઉપભોગ કરતો હોય પણ તે સમયે તેના એકના એક પુત્રના આકસ્મિક અકાળ મૃત્યુનો તાર મળે છે તો તે આઘાતવશાત્ મૂર્ચ્છિત થઇ જાય છે. તેને માટે એ દૃશ્ય સુખપ્રદ નથી રહેતું, તેની સામે એની મનોહરતા નષ્ટ થઇ જાય છે. એ ધ્યાનની વિચ્છિન્નતા છે, શોક પણ એનાથી જ ઉત્પન્ન થાય છે. એકાગ્રતા અને ધ્યાન જ તમને સુંદર દૃશ્યો જોવાનું સુખ આપે છે.

કષ્ટ ત્યાં સુધી જ જણાય છે કે જ્યાંસુધી મનની સાથે આપણો સંબંધ રહે છે. સ્વપ્નાવસ્થામાં કષ્ટ જ નથી રહેતું. ક્લોરોફોર્મના પ્રયોગથી જ્યારે મનનો શરીર સાથેનો સંબંધ તુટી જાય છે ત્યારે કષ્ટનો અનુભવ નથી થતો. કષ્ટ તો મનમાં થાય છે. આત્મા તો આનંદમય છે.

ચોથી આધ્યાત્મિક દશા છે કે જ્યારે મનની ક્રીડા નથી હોતી, જ્યારે મન ઇશ્વરમાં–આત્મામાં નિમગ્ન થઇ જાય છે. એ ચતુર્થ પરિણામ છે જેની અંદર અનન્ત આત્માનંદ પ્રાપ્ત થાય છે. એ આલસ્ય, વિસ્મૃતિ અથવા વિનાશની અવસ્થા નથી. એ તો પૂર્ણ ચૈતન્યદશા છે કે જેનું વર્ણન જ ન થઇ શકે. એ સૌનું ચરમ લક્ષ્ય છે, એને જ મુક્તિ કહે છે, એ જ મોક્ષ છે.

સંકલ્પ જ દિવ્ય વિભૂતિયોનો પ્રકાશ, મહાન સત્ય અને સાર્વભૌમ છે. પ્રારંભમાં અત્યંત લઘુરૂપે વિકસિત બનેલો એ સંકલ્પ પ્રારંભિક બીજ છે. ધીમે ધીમે વિકસિત થતાં થતાં એ એક સ્વચ્છ પરમાત્મા નિષ્પ્રભ કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગે છે, જ્યારે બુદ્ધિ બહારના દૃશ્યોનું અવલોકન કરે છે ત્યારે તે સ્વયમેવ તેનામાં વિભિન્નતાનું નિરૂપણ કરે છે, ત્યારે સંકલ્પનું પ્રભુત્વ થાય છે.

જ્યારે સંકલ્પનો અદ્‌ભુત રીતે વિકાસ થાય છે ત્યારે તે કોઈપણ રીતે લાભદાયક નથી થતો; તેનાથી કેવળ ગેરલાભ થાય છે. સાંસારિક વિષયો પર ક્ષણભર વિચાર કરવો છોડી દો, એ સંકલ્પથી છુટકારો મેળવવા માટે વધારે શ્રમની આવશ્યકતા નથી. બધા સંકલ્પોના વિરોધથી મન નષ્ટ થઇ જશે. હાથ માં રહેલા ખીલેલાં એક ફુલને મસળી નાંખવામાં સ્હેજ પ્રયત્નની આવશ્યકતા રહેલી છે, પરંતુ સંકલ્પને હઠાવવામાં એટલા પ્રયત્નની પણ આવશ્યકતા નથી હોતી. વિચારને વશ કરવાથી સંકલ્પ નષ્ટ થઈ જશે. આંતરિક સંકલ્પોથી બાહ્ય સંકલ્પોનો નાશ કરો તેમજ શુદ્ધ મનવડે અશુદ્ધ મનનો નાશ કરો અને આત્મજ્ઞાનમાં દૃઢતાપૂર્વક વિશ્રામ કરો.

એક તરફ પ્રકૃતિ છે અને બીજી તરફ આત્મા છે. મન એ બન્ને વચ્ચે પુલ બાંધે છે. એ પુલને ઓળંગી જાઓ—એટલે મનને વશ કરો. તમે ઇશ્વર સાક્ષાત્કાર કરશો.

મન જ તમને ઇશ્વરથી અલગ કરે છે, તમારી અને ઇશ્વરની વચમાં મનની જ દીવાલ ઉભી છે. પ્રણવના ચિંતન અથવા ભક્તિદ્વારા એ દીવાલને તોડી નાખો, પછી તમને ઇશ્વરનો સાક્ષાત્કાર થશે.

ચક્ષુ, કાન અને વાણી એ ત્રણે મનને બહિર્મુખ કરે છે અને મનુષ્યને પુરેપુરો સાંસારિક બનાવે છે. સાધનાનો ઉદ્દેશ મનને અંતઃપ્રેક્ષણદ્વારા અંતર્મુખ કરવાનો છે અને આપણાં અંતઃકરણમાં સત્યનો અનુભવ કરાવવાનો છે. એ ઇન્દ્રિયોને બંધ કરી દો. ત્યારે તમે મનને વશ કરી શકો છો અને માનસિક શક્તિને બહાર પ્રવાહિત થતા રોકી શકો છો. એ ઇન્દ્રિયો મનને ઉદ્ધત બનાવવાનું પ્રધાન કારણ છે. એને વશીભૂત કરવાથી અંતર્મુખ શક્તિ એકત્રિત બને છે.

દરેક મનુષ્યની અંદર એક એવી શકિત રહેલી છે કે જેનાથી તે તેની ઇચ્છાનુસાર દૈવી પ્રવાહને રોકી શકે છે અથવા ખોલી શકે છે. એ આપણે મનશકિત અથવા વિચાર પ્રયોગદ્વારા કરી શકીએ છીએ. ચિંતન કરો કે તમે ઇશ્વર છો, તમે ઇશ્વર સ્વરૂપ થઇ જશો. તમારી જાતને મૂર્ખ ધારો, તમે મૂર્ખ બની જશો. જો તમે રાજસિક હશો તો તમે ભગવાનથી બહુ જ દૂર છો. તમે પોતે તમારી જાતને ભગવાનથી દૂર રાખી છે. જો તમે સાત્વિક હશો તો તમે તમારી જાતને દૈવી અંતઃપ્રવાહની તરફ મુકત કરો છો. આધ્યાત્મિક જીવન આપણને અનન્તની સાથે જોડી દે છે. ઇશ્વરમાં તમને પ્રત્યેક વસ્તુની પ્રાપ્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે, કેમકે તે સ્વયંભૂ અને પરિપૂર્ણ છે, ત્યાં તમારી પ્રત્યેક જરૂરીયાત અને કામના તુષ્ટ થાય છે; તે સિવાય ભૌતિક જીવન છે જે આપણને ચારે દિશાએ ભૌતિક જગતથી જોડે છે. વિચાર જ આધ્યાત્મિક જીવન અને ભૌતિક જીવનની વચ્ચે ક્રીડા કરે છે.

વિચાર એક જીવતી શક્તિ છે. સંસારના બધા પદાર્થોમાં એ સૌથી વધારે જીવનપ્રદ, સૂક્ષ્મ અને અદશ્ય શકિત છે. વિચાર કદિ પણ મરી શકતો નથી. તેના રૂપ-રંગ, આકાર પ્રકાર, ગુણદ્રવ્ય, શકિત તથા પરિમાણ હોય છે. વિચાર અસ્રદ્વારા તમારામાં ક્રિયાત્મિકા શકિત આવે છે. વિચાર ગતિશીલ પણ હોય છે. આજકાલ વિચારશકિત, વિચારગતિ અને વિચાર સંસ્કૃતિ ઉપર અનેક ગ્રંથો મળી શકે છે. તેનો અભ્યાસ કરો, ત્યારે તમને વિચાર, તેની શકિત, ક્રિયા તથા ઉપયોગિતાનું ખરેખરૂં જ્ઞાન થશે.

આપણી ચારે દિશાએ ભોતિક જગતમાં પ્રત્યેક વસ્તુનો ઉદ્ભવ પહેલાં વિચારમાં જ થાય છે. પ્રત્યેક મહેલ, પ્રત્યેક મૂર્તિ, પ્રત્યેક ચિત્ર, પ્રત્યેક યાન્ત્રિક ક્રિયા, ટુંકામાં બધા પદાર્થોનો જન્મ પહેલવહેલાં તો તે મનુષ્યનાં મનમાં થાય છે જે એના ભૌતિક રૂપમાં આવ્યા પહેલાં તેનું માનસિક ચિત્ર બનાવે છે.

એકાગ્રતા વિષયાભિલાષાની વિરોધી છે, આનંદ આકુલતા અને શોકનો વિરોધી છે, ક્રિયાત્મક વિચાર આલસ્ય અને દીર્ઘસૂત્રતાનો વિરોધી છે, ધ્યાન દુષ્ટ ઇચ્છાઓનું વિરોધી છે.

ભાષાદ્વારા વિચારશકિત કેન્દ્રિત બને છે અને કોઇ પણ ખાસ દિશામાં પ્રવાહિત કરી શકાય છે.

જો માણસ વિષયાભિલાષા તથા અનૈતિક માનસિક દશાથી મુકત હોય છે તો તે જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. વાસનાત્મક વિષયોથી શરીરને અલગ કરવું અને મનને નૈતિકતાહીન દશાથી અલગ કરવું એ જ્ઞાનપ્રાપ્તિ માટે જરૂરનું છે. ત્યારે જ દિવ્ય પ્રભાનું અવતરણ થશે. જેવી રીતે કોઈ સમ્રાટના સ્વાગત માટે મહેલ સાફ કરવામાં આવે છે, વાટિકા સુસજ્જિત કરવામાં આવે છે, બધો કચરો ફેંકી દેવામાં આવે છે તેવી રીતે સમ્રાટોના સમ્રાટના સ્વાગત અર્થે સર્વ પ્રકારના દોષો, અભિલાષાઓ તથા અનૈતિક દશાઓને દૂર ફેંકીને માનસિક મહેલને સ્વચ્છ કરવો જોઇએ.

મનની અંદર એક આકર્ષણ શકિત હોય છે. 'સજાતીય વસ્તુઓ પરસ્પર આકર્ષણ કરે છે' એ એક મહાન વિશ્વવ્યાપી નિયમ છે. આપણે આપણી જાતને જીવનના દૃષ્ટ તથા અદૃષ્ટ ભાગમાં આકર્ષિત કરીએ છીએ. શકિતઓ, વિચારો અને અવસ્થાઓ આપણા સંકલ્પોને અનુરૂપ જ હોય છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર

## મુનિવિહારથી થતા લાભ.

પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ શિષ્ય પરિવાર સહિત જેસલમેરથી વિહાર કરી બાડમેરા, નાકોડા, બાલોતર, ગઢસીવાણા, જાલોર, આહોર, ગુડા થઇ ચૈત્ર શુદ ૩ ના રોજ ઉમેદપુર પધાર્યાં હતા. દરેક ગામોમાં ભવ્ય સામૈયા થતાં હતાં અને ઉપદેશામૃતનું પાન પણ આચાર્યમહારાજ દરેક સ્થળે કરાવતા હતા. ઉમેદપુર શ્રીમાન ગુલાબચંદજી ઢઢ્ઢા સાહેબ દર્શનાર્થે પધાર્યા હતા. સુશિષ્ય પંન્યાસજી શ્રી લલિત-વિજયજી મહારાજ ઝાલોર સુધી સામે આવ્યા હતા. બે દિવસ ત્યાં રહી શુદ ૫ ના રોજ વાંકલી ગામે પધાર્યા હતા, જ્યાં સ્થાનકવાસી શ્રી સંઘે આચાર્ય મહારાજનું સામૈયું કર્યું હતું. લગભગ ચૌદ વર્ષથી સંઘમાં નજીવી બાબતથી કુસંપ થયો હતો, અનેક જૈન ધર્મના કાર્યો એમ ને એમ પડી રહ્યા હતા. આ ગંભીર પરિસ્થિતિ જોઇ આચાર્યદેવે આખા ગામને એકત્ર કરી સચોટ અને હૃદયભેદક પ્રભાવશાળી ઉપદેશ આપી, એક લેખ તૈયાર કરી બંને પક્ષોની સહી થયા બાદ સાંઝનું પ્રતિક્રમણ કર્યાં બાદ બંને પક્ષોની દલીલ સાંભળી એક સાક્ષર જનને શોભે તેમ આખી રાત્રિનો ઉજાગરો કરી સવારના પાંચ વાગે બંને પક્ષોનું મન શાંત થાય તેવી રીતે ફેસલો આપ્યો. ત્યાંથી વિહાર કરી શિવગંજ પધાર્યા. અહિં પણ અપૂર્વ સત્કાર થયો. આ ગામમાં પણ પોરવાડ જ્ઞાતિમાં પંદર–વીશ વર્ષથી ઝગડો હતો જેથી અનેક ધાર્મિક કાર્યો અટકી પડયાં હતાં, તેથી આચાર્ય મહારાજને બંને પાર્ટીવાળાએ ફેસલો કરવા લખી આપ્યું જેથી બીજે વિહાર કરેલ છતાં શિવગંજ ( આઠ માઇલ પાછા ) આવી બંને પાર્ટીની હકીકત સાંભળી ફેસલો આપ્યો, જે બંને બાજુવાળાએ આનંદપૂર્વક સ્વીકારી લીધો. ત્યાંથી બામણવાડા આવી ચૈત્ર શુદ ૧૩ ના રોજ શ્રી મહાવીર જયંતી આચાર્ય મહારાજના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવી. મહા-પુરૂષોની જયંતીમાં પગલા થાય ત્યાં ત્યાં ક્લેશ–કુસુંપ દૂર થાય અને સમાજ–પ્રગતિના કાર્યો જન્મે કે તેમાં વૃદ્ધિ થાય તેના આ ચોક્કસ પૂરાવાઓ છે.

( મળેલું )

## મુંબઇ શહેરનાં જાહેર જીવનમાંથી ફારેગ થતા બે જૈન ભાઇઓના સત્કારાર્થે થએલ મેળાવડો.

પહેલા ગ્રહસ્થનું આખું નામ છે મી૦ નરોત્તમદાસ ભગવાનદાસ શાહ, જેએ કેટલાએ વરસોથી જૈન કોન્ફરન્સ, મુનિશ્રી મોહનલાલ જૈન લાઇબ્રેરી, મહાવીર જૈન વિદ્યા-લય વિ વિ. જાહેર સંસ્થાઓના ઓનરરી ઓડીટર તરીકે કામ કરે છે અને જૈન પ્રજાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓના નિષ્પક્ષપાત કાર્યથી પુરતો સંતોષ થયો છે. તે ઉપરાંત પ્રસંગોપાત જૈન કોમના ધાર્મિક પ્રશ્નો બાબે જાહેર પત્રોમાં લખાણ કરી જૈન કોમની શાંત રીતે સેવા કરે છે. તેઓ "ધી ટાઇમ્સ ઓફ ઈંડિયા" માં વરસો સુધી નોકરી કરી, હમણાં પેન્શન ઉપર રીટાયર થયા છે.

બીજા ગ્રહસ્થનું નામ છે મી૦ નરોતમદાસ ભવાનદાસ શાહ. જે **નરોતમ, બી. શાહના નામથી ઓળખાય છે.** જૈન કોમની મુંગે મોઢે સેવા બજાવવા ઉપરાંત ધોલેરા શહેરમાં તેમનું નામ ઘરગતુ થઇ પડયું છે. ધોલેરાનું બંદર સુધરાવવા માટે તેમજ ધોલેરા નજીક રેલ્વે લાવવા માટે તેઓએ અનેક પ્રયાસો કર્યા છે. કમીશ્નર તથા ગવર્નરોને અનેક અરજીઓ કરવા ઉપરાંત ધોલેરાના આગેવાન ગ્રહસ્થોને ડેપ્યુટેશનના રૂપમાં ગવર્નરો તેમજ મોટા હોદ્દેદારો સમક્ષ લઇ જઇને ધોલેરા શહેરની ખીલવણી માટે તેમના વિવિધ પ્રયાસો જાહેરની નજર સમક્ષ છે.

તેઓએ મુનિશ્રી મોહનલાલજી જૈન લાયબ્રેરીમાં ૧૦ વરસ સુધી માનદ સેક્રેટરી તરીકે કામ કર્યું છે. ધોધારી દવાખાના માટે અને તેના નીભાવફંડ માટે ખંતથી વરસો થયાં અથાગ પરિશ્રમ લઇ રહ્યા છે, તેમજ જૈન સેનીટરી એસોસીએશનના એક સેક્રેટરી તરિકે પ્રચારકાર્ય કરે છે. જૈન પ્રજાની કેળવણીના અંગે તેઓએ સંખ્યાબંધ લેખો લખ્યા છે, તેમજ જૈનોની ઘટતી વસ્તી અને મરણપ્રમાણમાં થતા વધારા અંગે આંકડાઓ ભેગા કરી કીંમતી લેખો લખીને જૈનોની સેવા બજાવી રહ્યા છે. વરસો સુધી ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટમાં નોકરી બજાવી આ ભાઇ પણ આ મહીનામાં રીટાયર થાય છે.

ઉપરના બંને ભાઇઓની સેવાના અંગે તેમના અંગત મિત્રો તરફથી જૈન એસોસીએશનના હોલમાં તા. ૧૨-૩-૩૩ ના રોજ એક મેળાવડો કરવામાં આવ્યો હતો અને પ્રસંગાનુસાર વિવેચનો થતાં મી૦ ક. બી. વકીલે તેઓની ઉપર દર્શાવેલ સેવાનું વિગતવાર વર્ણન કરવા ઉપરાંત જણાવ્યું કે આપ બંને ભાઇઓ જીવનની સાફલ્યતા મેળવવા ધંધામાંથી ફારેગ થાઓ છો તે જાણી અમો આપના જુના મિત્રોને ભારે સંતોષ ઉપજે છે. આપ સંપૂર્ણ ભાગ્યશાળી છો કે જીવનનો બાકી રહેલો ભાગ આરામ લેવામાં અને સાથે-સાથે બની શકે તેટલો આત્મિક લાભ મેળવવામાં ગાળવામાં આપ ઉત્સુક થયા છો. જીંદગીની છેલ્લી ઘડી સુધી ધંધામાં રચીપચી રહેનારા અને પૈસા મેળવવા માટે ફાંફા મારનારા આ દુનિયામાં અનેક છે; જ્યારે આપ તે જંજાળોમાંથી મુક્તિ મેળવી શાંત જીવન ગાળવા તતપર થયા છો તે બતાવી આપે છે કે આપ જીવનનું ખરૂં રહસ્ય સમજ્યા છો. અત્યારસુધીનું આપ બંનેનું જીવન ઉજ્વળ, અને મિત્રો તેમજ સ્વજન વર્ગને મગરૂર બનાવનારૂં છે. આપે નોકરી કરવા છતાં જ્ઞાતિબંધુની યથાશક્તિ સેવા બજાવવાની તક ગુમાવી નથી. આપ બંને કેળવણીના હિમાયતી હોઇ જ્ઞાતિબંધુઓની કેળવણીની બાબતમાં પછાત સ્થિતિ જોઈ આપનાં હૃદય કેટલાં બધાં દ્રવે છે તે સારી રીતે સમજી શકું છું. આપ બંનેના હૃદયમાં જ્ઞાતિબંધુઓના ઉત્કર્ષ માટે ભારે ધગશ છે એ કહેવાની કઇ જરૂર છે એમ હું માનતો નથી. આપ બંને લાંબી સુખી જીંદગી ભોગવી જીવનનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાકી રહેલો ભાગ સમાજ તેમજ આત્મસેવામાં ગાળવા શક્તિમાન થાઓ એવી પ્રભુ પાસે પ્રાર્થના છે.

જેના પ્રત્યુત્તરમાં મી૦ **નરોતમ બી. શાહે** જણાવ્યું હતું કે—

અમારા જેવી સામાન્ય વ્યક્તિઓની જાહેર સેવાની કદર કરી જે અનુપમ માન આપે આપ્યું છે તે માટે અમો અંતઃકરણથી આભાર માનીએ છીએ. મુંબઇ જેવા શહેરમાં અનેક જૈન શ્રીમંતો અને વિદ્વાનો વસે છે તેઓની વચ્ચે રહીને સામાન્ય માણસો માટે જાહેર સેવાનું કાર્ય કરવું તે સર્પના દરમાં હાથ ઘાલવા જેવું છે. મનુષ્ય જીવનની એક ફરજ તરીકે અમો જે કંઇ સેવા કરી શકયા છીએ તેમાં કાંઇ પણ વિશેષ કર્યું હોય એમ અમો જોઈ શકતા નથી. જૈન સમાજ જાહેર સેવાને અંગે બહુ જ પછાત છે. દક્ષિણી ભાઇઓ તેમજ અન્ય કોમોની સેવા તરફ નજર કરીએ તો ખરેખર જૈનોની સેવાભાવના તરફની બેદરકારી માટે આપણને ખેદ થયા વિના રહેતો નથી; છતાં આપ સર્વેની માન્યતા મુજબ અમોએ સેવાના કાર્યમાં કાંઇપણ સાફલ્યતા મેળવી હોય તો તે મી૦ કે. બી. વકીલ અને રા રા. મોહનલાલ ખોડીદાસ જેવા સદ્‌ગ્રહસ્થોની સાથે જ રહીને સેવાનું કાર્ય કરવાને લીધે હોવાથી અમો એ બંને ભાઇઓના ઋણી છીએ. જાહેર સેવાને અંગે જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે સારી અને કીંમતી સલાહ આપવા તેઓએ ઉત્સાહથી અમોને પ્રેરિત કરવા માટે અમો તેઓને જીંદગી સુધી કદિ વિસરી શકીશું નહીં. અમારા સન્માનાર્થે જે કંઇ જહેમત સ્નેહીવર્ગ તરફથી ઉઠાવવામાં આવેલ છે તે માટે અંતઃકરણથી અમો ફરીથી આભાર માનીએ છીએ, અને લાંબા વખતના અમારા સ્નેહીઓથી છુટા પડતાં અમોને દિલગીરી ઉત્પન્ન થાય છે. અમો ઇચ્છીએ છીએ કે પરમ-કૃપાળુ પરમાત્મા આપ સૌ ભાઇઓને સુખી રાખે અને લાંબી જીંદગી અર્પે અને આપણા વચ્ચેનો સ્નેહ દૂર પડવા છતાં ટકાવી રાખવાને દરેકને શક્તિવાન બનાવે એવી અંતઃકરણની અમારી અભિલાષા છે.

બાદ તે ભાઇઓને ચાંદીના કપ એનાયત કરવામાં આવ્યા હતા તથા ભવિષ્યમાં મુંબઇમાં અગર તો પોતાના દેશમાં જઇ વાનપ્રસ્થ અવસ્થામાં જૈન કોમની સેવા બજાવ-વામાં વધારે લક્ષ આપે અને પૂર્ણ તંદુરસ્તી સાથે દીર્ઘાયુષ્ય ભોગવે એવી ભલી ઇચ્છાઓ સાથે સૂક્ષ્મ ઉપાહાર લઇ મિત્રો છુટા પડયા હતા.

## બામણવાડા શ્રી પોરવાડ સંમેલન.

ગયા ચૈત્ર માસમાં **બામણવાડા** ( મારવાડ ) માં શ્રી **નવપદજી આરાધન સમાજ** તરફથી શ્રી સિદ્ધચક્રજી મહારાજની આરાધના ચૈત્રી ઓળીનો ઉત્સવ ઉજવાયો. સાથે શિક્ષણપ્રચાર, સમાજ–સુધારણા અર્થે **અખીલ ભારત પોરવાડ સંમેલન** સુરત-નિવાસી શેઠ **દલીચંદ વીરચંદ**ના પ્રમુખપણા નીચે પણ મળ્યું હતું. બામણવાડા એ મારવાડ ભૂમિમાં જંગલમાં એક પ્રાચીન તીર્થ છે, તે આ બંને સંમેલનથી પ્રકાશમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યું છે. શ્રી નવપદજી આરાધન ઉત્સવ અને આ સંમેલનમાં પાંચ હજાર માણસોએ ભાગ લીધો હતો. મારવાડ ભૂમિમાં આ એક અપૂર્વ પ્રસંગ હતો.

શ્રી મુંબઇ પોરવાડ મિત્રમંડળના આશ્રય નીચે ઉત્સવ આરંભવામાં આવ્યો હતો. સાથે વિશેષતા એ હતી કે આચાર્ય શ્રીમદ્ **વિજયવલ્લભસૂરીશ્વરજી**, યોગનિષ્ઠ શાંતમૂર્તિ **શાંતિવિજયજી** અને પંન્યાસજી શ્રી **લલિતવિજયજી** મહારાજને વિનંતિપૂર્વક આમંત્રણ થવાથી તેઓશ્રીની પધરામણી આ સંમેલન વખતે તેના કાર્યોની અભિવૃદ્ધિ કરતી હતી આ સંમેલનના સ્વાગત કમીટીના પ્રમુખ શેઠ ભભૂતમલ ચતરાજી હતા. ચૈત્ર શુદ ૧૫ ના રોજ સૂરિજી મહારાજનું પ્રવચન હતું. નવપદજી મહારાજનું માહાત્મ્ય સમજાવવા સાથે આધુનિક જૈનોની સ્થિતિ માટે શ્રાવકક્ષેત્રની ઉન્નતિની વર્તમાનકાળે જરૂરીયાત સચોટ રીતે બતાવી હતી. સૂરિજી મહારાજની પ્રેરણાથી તાત્કાલિક આ સંમેલનમાં ત્યાં એક જૈન વિદ્યાલયનો જન્મ આપવા માટે રૂા. ૧૬૦૦૦૦) એક લાખ સાઠ હજારનું ફંડ થયું હતું. પાંચ લાખનું ફંડ કરવાનો નિશ્ચય પણ સંમેલનમાં થયો હતો. યોગનિષ્ઠ શાંતિવિજયજી મહારાજે પણ મરૂભૂમિની અજ્ઞાનતા ટાળવા માટે પણ જણાવ્યું હતું.

ત્રણ દિવસ પોરવાડ સંમેલનનું કાર્ય થયું હતું જેમાં જુદા જુદા ૧૫ ઠરાવો થયા હતા. પ્રમુખશ્રી શેઠ દલીચંદ વીરચંદનું ભાષણ મનનીય હતું. ઠરાવોનું કાર્ય બીજે દિવસે સમાપ્ત થતાં સન્માનપત્રનું કાર્ય શરૂ થયું અજ્ઞાનરૂપી તિમિરનો નાશ એ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીનો જીવનમંત્ર હોય તેમ આ કાર્યમાં સૂરિજી મહારાજ હાલ પોતાની શક્તિનો સદ્વ્યય જૈન સમાજ ઉપર ઉપકાર કરી સ્થળે સ્થળે કેળવણીના કાર્યો કરી રહ્યા છે. મહાવીર જૈન વિદ્યાલય, ગુજરાનવાલા જૈન ગુરૂકુળ, વરકાણા જૈન વિદ્યાલય શિક્ષણની એવી અનેક નાની-મોટી સંસ્થાઓના જન્મ માટે ઉપદેશ આપી રહેલ છે કે જેને માટે સર્વત્ર ખ્યાતિ મેળવી રહેલ છે. તેથી વધારે ઉપકાર તો ખાસ તે માટે મારવાડ ઉપર છે. યોગનિષ્ઠ શાંતિવિજય પણ તે ભૂમિમાં રહી મારવાડની અજ્ઞાન પ્રજાને શિક્ષણને પંથે દોરવામાં અમુક પ્રયત્ન કરી રહેલ છે અને સૂરિજીના પગલે પગલે પંન્યાસજી શ્રી લલિતવિજયજી મહારાજ શિક્ષણના ક્ષેત્રમાં જે પ્રગતિ અને પ્રયત્ન કરી રહેલ છે તે માટે મારવાડ ભૂલે તેમ નથી. પોરવાડ સમાજ પણ તેટલો જ ઋણી છે આ સેવાના સન્માર્થે યત્કિંચિત સેવા માટે એ ત્રણે મહાત્માને નીચે પ્રમાણેના સન્માનપત્રો, પદવીપ્રદાનો શેઠ દલીચંદ વીરચંદ, શેઠ ગુલાબચંદજી ઢઢ્ઢા અને શેઠ ભભૂતમલજી ચતરાજી હસ્તે શ્રી સંઘ તરફથી એનાયત કરવામાં આવ્યા હતા જે નીચે મુજબ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पूज्यपाद शासन–प्रभावक पंजाब–वीरकेसरी पंचनद–मरुदेशोद्धारक विद्याप्रेमी प्रातःस्मरणिय बालब्रह्मचारी आचार्य महाराज श्री १०८ श्रीविजयवल्लभ सूरीश्वरजी की पवित्र सेवा में

# अभिनन्दन पत्र एवं उपाधि–समर्पण.

आचार्यश्री !

श्रीनवपद चैत्री ओली तथा श्रीअखिल भारतवर्षीय पोरवाल महासम्मेलन के अवसर पर भारतवर्ष के भिन्न २ प्रान्तों से श्रीबामणवाड़जी तीर्थ में एकत्र हुआ यह समस्त जैनसंघ आप के विद्याव्यासंग, धर्म और समाज की प्रगति के लिये आप के भगीरथ प्रयास और अज्ञानदशा में पड़े हुए हमारे अनेक भाइयों के उद्धारार्थ आप के द्वारा की हुई महान् सेवाओं का स्मरण कर के आप के प्रति अपना हार्दिक पूज्यभाव व्यक्त करता है।

स्वर्गीय न्यायाम्भोनिधि जैनाचार्य श्रीमद् विजयानन्दसूरीश्वर (प्रसिद्ध-नाम श्रीआत्मारामजी) महाराजने अपने अंन्तिम अवस्था के समय पंजाब के जैनों के हृदय का दर्द पहचान कर उन को आप के सुपुर्द किया था। तदनुसार आप श्रीगुरुदेव के ध्येय की पूर्ति के लिये अपने जीवन में महान् परिश्रम उठा कर पंजाब में जैनत्व कायम रखने में सफल हुए हो।

तदुपरांत श्री महावीर विद्यालय की स्थापना कर के तथा श्रीआत्मारामजी महाराज के पट्टधर की पदवी को सुशोभित करने की जैन जनता की आग्रहयुक्त विनति को मान कर पंजाब में ज्ञान का झंडा फहरा कर आपने सद्गत गुरु महाराज की आन्तरिक अभिलाषा को पूर्ण किया।

आपने गुजरानवाला, वरकाणा, उम्मेदपुर तथा गुजरात–काठियाड़ वगैरह स्थलों में ज्ञानप्रचार की महान् संस्थाओं को स्थापित कर और जगह २ पर जैनसमाज में फैले हुए वैमनस्य एवं परस्पर मतभिन्नता आदि को मिटा कर जैन–जनता पर बड़ा भारी उपकार किया है। इतना ही नहीं, किन्तु अज्ञानान्धकार में भटकते हुए जैन बन्धुओं को धर्म का मार्ग बता कर तथा उन में ज्ञान का संचार कर के उन को सच्चे जैन बनाने में जो भगीरथ श्रम उठाया है उस की हम जितनी कदर करें वह कम है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आप के इन सब महान् उपकारों से तो जैन–जनता किसी भी प्रकार उऋण नहीं हो सकती, फिर भी फूल के स्थान पर पत्ती के रूप में आप को **'अज्ञानतिमिरतरणि कलिकालकल्पतरु'** बिरुद अर्पण करने को हम विनयपूर्वक तत्पर हुए हैं और आप इस को स्वीकार कर के हमारी हार्दिक अभिलाषा अवश्य पूरी करेंगे और हमारे उल्लास की वृद्धि करेंगे ऐसी आशा है।

श्रीसंघ की आज्ञा से विनीत चरणोपासक सेवकगण—

श्रीबामणवाडजी तीर्थ (सिरोही राज्य)
मिति वैशाख वदि ३ गुरुवार सं० १९९०
ता० १३ अप्रेल सन १९३३ ईस्वी

भभूतमल चतराजी, दलीचंद वीरचंद, डाह्याजी देवीचंद, रणछोडभाई-राइचंद मोतीचंद, गुलाबचंद ढड्ढा आदि श्री संघ के सेवक.

---

शान्त, दान्त, गम्भीर, दयालु, परोपकारी, शान्तमूर्ति योगीराज
श्री १०८ श्री शान्तिविजयजी की पवित्र सेवामें —

# अभिनन्दन पत्र एवं उपाधि–समर्पण.

योगीराज !

श्रीबामणवाड़जी तीर्थ में श्रीनवपदजी की चैत्री ओली पर तथा श्रीअखिल भारतवर्षीय पोरवाल महासम्मेलन के शुभावसर पर, भारतवर्ष के भिन्न भिन्न प्रान्तों से आकर एकत्रित हुए जैन संघ को यह जानकर अत्यन्त हर्ष हुआ है कि आपने योगाभ्यासद्वारा शुद्ध और परिष्कृत आत्मबल से अनेक राजा, महाराजा, सेठ, साहूकार, हिन्दु, मुसलमान, ईसाई, पारसी इत्यादिकों को आत्मा की उन्नति के लिये मंत्रोपदेश तथा जीवदयापालन का उपदेश देकर लगभग सारे भारतवर्ष में अहिंसा धर्म का सन्देश पहुँचा कर अनेक जीवों की रक्षा कराई है तथा आपने अनेक जीवों को मदिरापान और मांसाहार से बचा कर उन के प्रति महद् उपकार किया है।

आप के इस परोपकार का बदला चुकाना तो हमारी सामर्थ्य के बाहर है किन्तु इस के स्मरण स्वरूप हम आप को **'अनंतजीवप्रतिपाल योगलब्धिसंपन्न-राजराजेश्वर'** पद विनयपूर्वक अर्पण करते हैं और आप की आत्मा दिन-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रतिदिन अधिकाधिक शुद्ध और पवित्र होकर अनेक जीवात्माओं का आप के द्वारा उपकार हो, यह शासनदेव से प्रार्थना करते हैं।

श्रीसंघ की आज्ञा से विनीत—

श्रीबामणवाडजी तीर्थ, मिति वैशाख वदी ३ गुरुवार संवत् १९९० ता. १३ अप्रेल १९३३

भभूतमल चतराजी, दलीचंद वीरचंद, डाह्याजी देवीचन्द, रणछोडभाई राइचन्द मोतीचन्द, गुलाबचन्दजी ढढ्ढा, आदि संघ के सेवक।

---

शान्त, दान्त, महंत, अनन्य गुरुभक्त, विद्याप्रेमी, सतत उद्यमी श्रीमान् पंन्यासजी महाराज श्री १०८ श्रीललितविजयजी महाराज की पवित्र सेवा में—

# अभिनन्दन पत्र एवं उपाधि–समर्पण.

पंन्यासजी महाराज श्री!

आपश्रीने इस समय तक श्रीगुरुमहाराज की अनन्य भक्ति कर के उन के विद्याप्रचार के प्रयत्नों को अमल में लाने की गरज से अपने खानेपीने और विहार वगैरा के संबंध में अथक परिश्रम उठा कर जैनसमाज की उन्नति के लिये जो कार्य किया है, उस से आकर्षित होकर श्रीबामणवाडजी तीर्थ में श्री नवपदजी की चैत्री ओली पर एवं श्रीअखिल भारतवर्षीय पोरवाल महासम्मेलन के अवसर पर भारतवर्ष के भिन्न २ प्रान्तों से आकर एकत्रित हुआ जैनसंघ आप का अतःकरणपूर्वक आभार मानता है।

जैनसमाज की उन्नति के क्षेत्र में आपने जो कठिन तपश्चर्यायुक्त योग दिया है, उस का बदला चुकाने में हम असमर्थ हैं, फिर भी आप के उपकार के स्मरणार्थ हम भक्तिपूर्वक "प्रखर–शिक्षा–प्रचारक मरुधरोद्धारक" पद अर्पण करते हैं और शासनदेव से प्रार्थना करते हैं कि आप भविष्य में भी दीर्घ काल तक इसी प्रकार जैनसमाज की सेवा करते रहें।

श्री संघ की आज्ञा से विनीत—

श्रीबामणवाडजी तीर्थ, मिति वैशाख वदि ३ गुरुवार सं० १९९० ता० १३ अप्रेल १९३३

भभूतमल चतराजी, दलीचंद वीरचंद, डाह्याजी देवीचंद, रणछोडभाई रायचंद मोतीचंद, गुलाबचंद ढढ्ढा, आदि संघ के सेवक.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રીજા દિવસે પરસ્પર ઉપકાર માનતાં વિદ્યાલય માટે એક ફંડ કરી આ સંમેલનનું કાર્ય આનંદપૂર્વક કર્તવ્ય બનાવી સંપૂર્ણ થયું હતું.

---

**શ્રી સ્થાનકવાસી જૈન સાધુ સંમેલન**—આ બંને સંમેલનો અજમેર શહેરમાં મળ્યા છે. ભલે જૈન સમાજના એક જ ફીરકાના જુદા જુદા સંઘેડા–સંપ્રદાયના અખિલ હિંદના શુમારે બશેંહ મુનિરાજો તે આ સંમેલનનું મળવું તે બીજા ફીરકાના મુનિ મહારાજાઓએ અનુકરણ કરવા જેવું તો છે જ. આજે આ સંમેલન દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ, ધર્મ, નીતિ પ્રમાણે સાથે બેસી પોતાના સમાજની પ્રગતિ માટે–ઉન્નતિ માટે પોતાનો કાર્યક્રમ ઘડવા તૈયાર થઇ છે. તે ત્રણે ફીરકાની વ્યવસ્થિતિમાં જેઓ આનંદ માનનારા અને રસ લેનારાઓ છે તેને માટે તો આ અપૂર્વ આનંદનો વિષય છે. આ સંમેલન આપણા સમાજના ધર્મગુરૂઓ મુનિ મહારાજાઓ ઉપર તે આંદલનોની અસર ભવિષ્યની આશા અને ઉત્સાહની પ્રેરણાઓને જગાડશે એમ અમો આશા રાખીયે તો તે અસ્થાને નથી; તેમજ તે માટે અમોને બીલકુલ સંદેહ નથી. એમની સમાજના માર્ગદર્શકો પોતે ઉજમાળ, ઉત્સાહી અને ઉલ્લાસથી ભરપુર હોવાથી તેઓના અતિ પ્રયત્નનાયોગે સ્થાનકવાસી જૈન મુનિઓ ઉગ્ર વિહાર કરી, પંદર પંદર દિવસથી જૈન પ્રગતિ માટે ઉહાપોહ, અને તદ્દન સ્વતંત્ર રીતે ચર્ચા ચલાવવા જે રીતો અખત્યાર કરી હતી તે જ સ્થાનકવાસી સમાજ બીજા ફીરકાની અપેક્ષાએ અત્યારે ભાગ્યશાળી અને બીજા ફીરકાના માટે અનુકરણીય નિવડેલ છે એમ તો કહેવું જ પડશે. સ્થા૦ મુનિરાજોના સમુદાયમાં ઘણા પદવીધરો અને પંડિતો હશે છતાં પાંડિત્યના અભિમાન અને પદવીના માન–સન્માનને દૂર કરી અજમેર મુકામે એકત્ર થયા છે, તે શ્રાવકો માટે પણ એ માર્ગે જવાનું સૂચન કરી રહેલ છે. સાથે સાધુ–સંસ્થા, શિક્ષણ–સમાજ કે ધર્મના અનેક પ્રશ્નોના સંભાળભરી રીતે ઉકેલ માટે સાથે આ સાધુ સંમેલન થયેલ છે તો બીજી તરફ કોન્ફરન્સ નાદ કરી તેના પણ ઉજ્વલ ઇતિહાસના પ્રકરણો નોંધાઇ રહ્યા હોય તેમ ઉલ્લાસપૂર્વક આંદોલન સર્જાઇ રહ્યું છે. તે જ સાધુ સાથે શ્રાવકનો વિરોધ વિવાદ છે જ નહિ એટલે જે આજે બંને અંગો એક સ્થળે એકઠા થઇ પોતાનું સંગઠન કરી શકે છે કે જેના ફળરૂપે સમાજ ઉન્નતિ એકલી નહિ પરંતુ સાત ક્ષેત્રોની પ્રગતિ સાથે રહી કરી શકશે.

આવી જાતનું સાધુ સંમેલન પંદરસેંહ વર્ષો પછી આજે આ રૂપે થાય છે એ સમાજ ઇતિહાસમાં અનોખી ભાત પાડશે એમ કહેવામાં આવે છે. સાધુ સમાજમાં ક્યાં ક્યાં શિથિલતા છે? ક્યાં ક્યાં કર્તવ્યમાં મંદતા કે પ્રમાદ છે? તે નક્કી કરી તેના ઉપાયો યોજવા ઠરાવો કરવા, તેનો અમલ કરવો–કરાવવો એ જો કે કઠીન કાર્યો કરવાના તો છે. અધિષ્ઠાયક દેવો એમને સંપૂર્ણ સહાય કરે અને એઓશ્રીએ પ્રગટાવેલ આત્મશુદ્ધિ, સમાજ–ઉન્નતિ ને સંપનો આ અનુપમ માર્ગ જૈન સમાજના ત્રણે ફીરકામાં પ્રકાશ ફેલાવે એમ પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજના અંકનો વધારો.

# વડીલોની યાદગીરી માટે–

## ઓછા ખરચે સારો લાભ–

નીચેનાં પુસ્તકોમાંથી મનપસંદ કોઈ પણ એક જાતની નકલ ૨૫૦ માત્ર રૂા. ૧૨૦) માં મળશે.

**પુસ્તકો બાંધવાની તાકીદ હોવાથી તુરતમાં જણાવો.**

**ફોટો અને ટુંક જીવન–ચરિત્ર આવી શકશે.**

દરેક પુસ્તક પાકા પુંઠાના અને ગ્લેજ ઊંચા કાગળનાં છે.

૧. **વિધિ સહીત પંચપ્રતિક્રમણઃ**— [ વાંચી જવાથી દરેક પ્રતિક્રમણ થઈ શકશે ] ગામડામાં વહેંચી આ લાભ લેવા જેવો છે. પૃષ્ટ૨૮૨ મોટા ટાઈપમાં કિં. ૦–૧૦–૦

૨. **સજ્ઝાયમાલા ભા. ૧-૨ઃ**—ચુંટી કાઢેલી વૈરાગ્ય ઉત્પન્ન કરનારી લગભગ ૨૦૦ સજ્ઝાયોનો સુંદર સંગ્રહ છે. દરેક ઘરમાં રાખવા લાયક છે. પૃષ્ટ. ૨૧૦

૩. **પંચ પ્રતિક્રમણ પોકેટ સાઇઝ પાકું રેશમી પુઠું:**—પૃષ્ટ. ૪૩૬ જેની ચાર ચાર આવૃત્તિ ટુંક સમયમાં ખપી ગઈ છે. શુદ્ધ મોટા અક્ષર અને ઘણું સુંદર હોવાથી સગા સબંધીમાં આપવા લાયક છે.

૪. **રૂા. ૧૦૦)માં દેવસીરાઈ પ્રતિક્રમણની એક હજાર નકલ મળશેઃ**— શુદ્ધ અને મોટાં અક્ષર છતાં ભાવમાં મોટો ઘટાડો. શ્રીમંતોએ ગામેગામની શાળાઓમાં ભેટ મોકલવાની જરૂર છે.

૫. **રૂા. ૬૦) સાઠમાં બે હજાર સ્થાપનાઃ**—શ્રી નવપદમંડળના ફોટા સાથે પાકું સોનેરી પુઠું છતાં ભાવ ઘણા સસ્તા હોવાથી શ્રીમંત કે સાધારણ લ્હાણીનો લાભ લઈ શકે તેમ છે.

પ્રથમનાં ત્રણ પુસ્તકો ઓર્ડર મળ્યાથી એક મહિનામાં તૈયાર મળી શકશે. ઓર્ડરની સાથે રૂા. ૫૦) તેમજ ટુંક જીવનચરિત્ર અને ફોટો મોકલવા.

નં. ૪–૫નાં પુસ્તકો ઓર્ડર મળ્યાથી દોઢ મહિનામાં મળી શકશે. ભેટ આપનારનું અગર જેમનું નામ નાખવાની ઇચ્છા હોય તે સાથે રૂા. ૨૫) પચીશ મોકલવા.

**તાકીદે લખોઃ—જૈન સસ્તી વાંચનમાળા.**

ઠે બાબુ બીલ્ડીંગ. **પાલીતાણા** ( કાઠીયાવાડ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


**સ્ત્રીઓપયોગી સુંદર પુસ્તકો.**
ધાર્મિક અને નૈતિક સંસ્કાર આપનારાં પાકા પુઠાનાં છતાં ભાવમાં સારો ઘટાડો.
શીલકમાં હશે ત્યાંસુધી મળશે.

| | | મૂળ કિં. | ઘટાડેલી કિં. |
|---|---|---|---|
| ૧ | પ્રતિભાસુંદરી | ૧-૮-૦ | ૧-૦-૦ |
| ૨ | મહિલા મહોદય ભા.૧-૨ | ૪-૦-૦ | ૩-૦-૦ |
| ૩ | જૈન સતી રત્નો | ૧-૦-૦ | ૦-૧૨-૦ |
| ૪ | ચંદ્રકુમાર ચરિત્ર ભા. ૧-૨ | ૨-૧૨-૦ | ૧-૧૨-૦ |
| ૫ | ચંપક શ્રેષ્ઠી કથા | ૧-૪-૦ | ૦-૧૨-૦ |
| ૬ | ચિત્રસેન પદ્માવતી | ૧-૦-૦ | ૦-૮-૦ |
| ૭ | રાજકુમારી સુદર્શના સચિત્ર | ૩-૦-૦ | ૨-૪-૦ |

પેઢીઓ, ઓફીસો, દેરાસર, ઉપાશ્રય અને ઘરમાં રાખવા લાયક વૈરાગ્ય અને જ્ઞાન આપનારા કલકત્તાના પચરંગી સુંદર ફોટાઓ લગભગ ૧૩ જાતના રૂા. ૫) માં અમારે ત્યાંથી જથ્થાબંધ તેમજ છુટક પણ મળશે.

**શાળાઓમાં ચાલતા ધાર્મીક અભ્યાસના પુસ્તકોના ભાવમાં સારો ઘટાડો**

**પાઠશાળાઓ માટે સારી તક.**

વ્હેલાસર મંગાવી લેશો

**જૈન સસ્તી વાંચનમાળા**
બાબુ બીલ્ડીંગ
**પાલીતાણા** (કાઠીયાવાડ)

| | |
|---|---|
| પંચપ્રતિક્રમણ સૂત્ર શુદ્ધ મોટી પાકા પુંઠાની | ૦-૮-૦ |
| દેવસીરાઈ પ્રતિક્રમણ સૂત્ર મોટા અક્ષર | ૦-૨-૦ |
| „ અર્થ સાથે પાકું પુઠું | ૦-૭-૦ |
| પંચ પ્રતિક્રમણ સૂત્ર અર્થ સાથે મેસાણાની | ૧-૪-૦ |
| પંચ પ્રતિક્રમણ પોકેટ સાઈઝ પાકું રેશમી પુઠું મોટા અક્ષર | ૦-૭-૦ |
| જીવવિચાર આદિ ચારે પ્રકરણ અર્થ સાથે | ૦-૫-૦ |
| સામાયિક સૂત્ર વિધિ સાથે સો નકલના | ૩-૦-૦ |
| ચૈત્યવંદન ગુરૂવંદન „ „ | ૩-૦-૦ |
| જિનેંદ્ર સ્તુતિ „ „ | ૩-૮-૦ |
| રત્નાકરપચ્ચીશી (શ્રીસિદ્ધાચળનાં ૧૦૮ ખમાસણાં, મહાદેવ સ્તોત્ર ગુજરાતી કાવ્ય સાથે. પૃષ્ટ ૫૪. | ૩-૦-૦ |

## લ્હાણી માટેનાં સારાં અને સસ્તાં પુસ્તકો

### જરૂર પડે મંગાવવાં કરતાં આ ભાવનાં મંગાવી રાખવા ન ભૂલવું

ભાવો દરેકના સો નકલના સમજવા

| | | | |
|---|---|---|---|
| ૧ ગુંહલી સંગ્રહ | ૧૨-૮-૦ | ૯ મહાસતી રાજેમતી | ૨-૮-૦ |
| ૨ સ્થાપના શ્રી નવપદમંડળના ફોટા સાથે | ૩-૦-૦ | ૧૦ „ સુલસા | ૨-૮-૦ |
| ૩ સુધારસ સ્તવન સંગ્રહ | ૩-૦-૦ | ૧૧ „ મૃગાવતી | ૨-૦-૦ |
| ૪ જૈન માંગલીક ગીત | ૪-૦-૦ | ૧૨ સ્નાત્રપૂજા અષ્ટપ્રકારી પૂજાના દોહા સાથે | ૧-૮-૦ |
| ૫ મહાસતી ચંદનબાળા | ૪-૦-૦ | ૧૩ શત્રુંજય તિર્થોદ્ધાર રાસ | ૩-૦-૦ |
| ૬ સવાસોમાની ટુંકનો ઇતિહાસ | ૧-૮-૦ | ૧૪ શત્રુંજય લઘુકલ્પ | ૩-૦-૦ |
| ૭ ક. ગી. ની મહાયાત્રાનો રાસ | ૨-૦-૦ | ૧૫ શ્રાવકનાં બાર વ્રતની ટીપ | ૩-૦-૦ |
| ૮ મહાસતી સીતા | ૩-૦-૦ | ૧૬ જૈન નિત્ય પાઠ સંગ્રહ | ૧૨-૮-૦ |

**જૈન સસ્તી વાંચનમાળા**—બાબુ બીલ્ડીંગ—**પાલીતાણા**—(કાઠીયાવાડ)


મહોદય પ્રીન્ટીંગ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શીલીકમાં હશે ત્યાં સુધી મળશે. આજના અંકનો વધારો.

# ઘણાજ ઘટાડેલા ભાવ.

## પ્રભાવના માટે ફરી આટલું સસ્તું નહિ મળે.

વરસીતપના પારણામાં, શાળાઓમાં ઇનામ માટે, અને લગ્નાદિક શુભ પ્રસંગોમાં વહેંચવા માટે ખાસ ભાવો ઘટાડયા છે.

**પોકેટ સાઇઝનાં પાકા રેશમી પુઠાનાં શુદ્ધ અને સારાં પુસ્તકો—**

| | | સો નકલની કિં. પૃષ્ટ. | રૂ. |
|---|---|---|---|
| ૧ | પંચ પ્રતિક્રમણ સૂત્ર | ૪૩૬ | ૪૦) |
| ૨ | જૈન નિત્ય પાઠ સંગ્રહ | ૩૦૦ | ૩૦) |
| ૩ | શત્રુંજય તિર્થ યાત્રા વિચાર | ૩૫૦ | ૩૫) |
| ૪ | સ્તવન સંગ્રહ અને સ્મરણ-માલા | ૩૦૦ | ૪૦) |
| ૫ | નુતન સ્તવનાવળી પાકી ગ્લેજ | | ૨૫) |
| ૬ | ,, રફ કાગળ | | ૨૦) |
| ૭ | સઝાયમાલા પાકી ગ્લેજ | | ૨ |
| ૮ | શ્રી શત્રુંજય સ્તવનાવળી | | ૧૫) |

**મોટી સાઈઝના પાકા પુઠાનાં**

| | | સો નકલની કિં. |
|---|---|---|
| ૧ | પંચ પ્રતિક્રમણ સૂત્ર પાકી | ૩૫) |
| ૨ | દેવસીરાઈ પ્રતિક્રમણ | ૧૨॥ |
| ૩ | સઝાયમાલા પાકી | ૩७॥ |
| ૪ | જીવવિચાર—નવતત્ત્વ દંડક—લઘુ સંઘયણી અર્થ સાથે | ૩૦) |
| ૫ | અર્પણ (મહાપુરૂષોનાં ચરિત્રો) | ૫૦) |
| ૬ | જગતશેઠ | ૬૦) |
| ૭ | કચ્છગિરનારની મહા યાત્રા ૩૦ ફોટા સાથે પાકી રેશમી | ૧૦૦) |
| ૮ | સદ્‌ગુણી સુશીલા | ૬૦) |

| | | સો નકલની કીંમત. |
|---|---|---|
| ૯ | પ્રતિભાસુંદરી | ૭૫) |
| ૧૦ | કિર્તીશાળી કોચર | ૩૦) |
| ૧૧ | તિર્થમાળા (બધાં તિર્થોની હકીકત) | ૩૦) |
| ૧૨ | વિધિયુક્ત પંચપ્રતિક્રમણ | ૪૫) |
| ૧૩ | ,, દેવસીરાઇ | ૨૫) |

**નાનાં પુસ્તકો**

| | |
|---|---|
| સુધારસ સ્તવન સંગ્રહ | ૩) |
| સ્થાપના પાકી શ્રી નવપદ મંડળના ફોટા સાથે | ૩) |
| મહાસતી ચંદનબાળા | ૪) |
| માંગલીક ગીત સંગ્રહ | ૩) |
| શત્રુંજય ઉદ્ધાર રાસ વિગેરે | ૩) |
| શત્રુંજય લઘુકલ્પ | ૩) |
| શ્રાવકનાં બારવ્રતની ટીપ | ૩) |
| રત્નાકર પચ્ચીશી શ્રી નેમનાથના સલોકા સાથે. | ૨।) |
| સ્નાત્રપૂજા તથા અષ્ટપ્રકારી પૂજાના દોહા | ૨) |
| ક. ગીની યાત્રાનો રાસ | ૨) |
| સવાસોમાની ટુંકનો ઇતિહાસ | ૨) |
| ગુંહલી સંગ્રહ | ૮) |
| સામાયિક સૂત્ર વિધિ સાથે | ૩) |
| ચૈત્યવંદન ગુરૂવંદન ,, | ૩) |
| જિનેન્દ્રસ્તુતિ શાસ્ત્રીમાં | ૪) |

**જૈન સસ્તી વાંચનમાળા—બાબુબીલ્ડીંગઃ પાલીતાણા.**

સં. ૧૯૮૯ ચૈત્ર વદી ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## દરેક જૈન કુટુંબમાં અમારાં દર વરસે પ્રગટ થતાં અવનવાં ઇતિહાસીક પુસ્તકો હોવાં જોઈએ.

જે પુરૂષો–સ્ત્રીઓ અને બાળકોને એક સરખાં ઉપયોગી ધાર્મીક અને નૈતિક જીવન આપનારાં છે.

જે તે જૈનેતર નોવેલો કરતાં આપણું સાહિત્ય વાંચવા આપણે ન ભુલવું જોઇએ.

### દર વરસે માત્ર રૂા. ૩) માં એક હજાર પાનાનાં

ત્રણ ચાર પાકા પુંઠાના પુસ્તકો ગ્રાહકોને નિયમીતપણે મળે છે.
સં. ૧૯૭૯ થી ૮૮ સુધીમાં લગભગ ૩૫ પુસ્તકો અપાયાં છે.
દાખલ ફીના રૂા. ૦–૮–૦ ભરી આપનું પુરૂં શિરનામું લખાવો.

ચાલુ સાલમાં નીચેનાં પુસ્તકો તૈયાર થાય છે, જે વાંચતાં જ ફરી ફરી વાંચવાની જીજ્ઞાસા થાય તેવાં છે વૈશાખ મહીને તૈયાર થશે.

| | | |
|---|---|---|
| ૧ અમર બલિદાન યાને શત્રુંજયના શહિદો. | પૃષ્ટ ૩૦૦ | ૧–૮–૦ |
| ૩ શ્રી મહાવીર અને શ્રેણિક. | ૩૦૦ | ૧–૮–૦ |
| ૩ જાવડશાહ | ૩૦૦ | ૧–૮–૦ |
| ૪ તરંગવતી તરંગલોલા | ૨૦૦ | ૦–૮–૦ |
| | ૧૧૦૦ | ૫–૦–૦ |

ગ્રાહકોને આ પુસ્તકો રૂા. ૩) માં મળશે. પોસ્ટ પેકીંગ ખર્ચ અલગ.

કોઇપણ સંસ્થાનાં દરેક જાતનાં જૈન ધર્મનાં પુસ્તકો, ધાર્મીક અભ્યાસમાં ચાલતાં રોજનાં ઉપયોગી પુસ્તકો, સ્તવનો–સઝાયો અને બીજા નાનાં મોટાં દરેક પુસ્તકો, તેમજ કલકત્તાના સુંદર રંગીન ફોટાઓ. } અમારે ત્યાંથી સસ્તા અને સારા મળી શકશે.

### લખો–જૈન સસ્તી વાંચનમાળા–પાલીતાણા (કાઠીયાવાડ)


શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ દાણાપીઠ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર સમાલોચના.

**પ્રબુદ્ધ જૈન—શ્રી મુંબઇ યુવકસંઘ** તરફથી આ પત્ર બે વર્ષથી મુંબઇમાં પ્રગટ થાય છે. સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા નિમિત્તે જુદા જુદા વિદ્વાન લેખકોદ્વારા પોતાના સ્વાતંત્ર્ય વિચારો સચોટ રીતે આ પત્રદ્વારા જનસમાજમાં મુકે છે. અમુક વિષયોમાંથી કેટલુંક નવું પણ જાણવાનું મળી શકે છે. પેપરોદ્વારા સમાજને દોરવવા કે અમુક કાર્યોનું ભાન કરાવવા સમયોચિત સભ્યતાપૂર્વકની મીઠી ભાષા, નિષ્પક્ષપાત અને નિડરપણું, ઉચ્ચ ભાવના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ એ ધર્મની નીતિ ધ્યાનમાં લઇ સ્વાતંત્ર્ય વિચારો લેખોમાં પ્રગટ થાય એ પેપરની કાર્યપદ્ધતિને વધારે બંધબેસતું અને ઉદ્દેશ જલદીથી સરલ રીતે પાર પાડનારૂં ગણાય છે. આ પેપર પણ તેની પ્રગતિ તે રીતે બજાવી ભવિષ્યમાં ધર્મની વિશેષ સેવા કરવા ભાગ્યશાળી થાય એમ અંતઃકરણથી ઇચ્છીએ છીએ.

---

**શ્રી સમેત્તશિખરજી તીર્થ કેસનો શ્વેતાંમ્બર જૈનોના લાભમાં થયેલ ચૂકાદો.**

શુમારે પંદર વર્ષની આખરે શ્રી પવિત્ર સમેત્તશિખરની પારસનાથ ટેકરીના સંબંધમાં શ્વેતામ્બર અને દિગંબર જૈનો વચ્ચે જે કેસ ચાલતો હતો તેનો આખરે પ્રીવીકાઉન્સીલમાં શ્વેતામ્બર જૈનોના લાભમાં આવ્યો છે.

ઉપરોક્ત ટેકરી પાલગંજના રાજાની મીલ્કત હતી તે જપ્તીમાં હોવાથી તેમાંથી છોડાવી તે વખતના લેફ. ગવર્નરની મારફત દિગંબરીઓએ કાયમી પટે લીધી હતી. આ સામે શ્વેતાંબર જૈનોએ તે વખતના વાઇસરોયને અરજ કરી હતી જેથી તેવી રીતે લેફ. ગવર્નરને કાયમી ભાડે આપવાની સત્તા નહોતી અને પ્રથમ હક્ક શ્વેતામ્બરનો હતો. ત્યારબાદ એ ટેકરી રૂપીયા સાડાત્રણ લાખમાં પાલગંજ રાજાના વહીવટદારો પાસેથી શ્વેતામ્બરોએ વેચાણ લીધી હતી. પાછલથી વેચાણ રદ કરાવવા પાલંગજના રાજાએ હજારીબાગની કોર્ટમાં દાવો કર્યો હતો. તે દાવો ત્યાં તેમજ પટણા હાઇકોર્ટમાં અપીલ થતાં તે પણ રદ થયેલ. તે પછી પ્રીવીકાઉન્સીલમાં અપીલ કરેલ તે પણ રદ થતાં વેચાણ કાયમ રહ્યું હતું.

---


# જૈન સસ્તી વાંચનમાળાના ગ્રાહકોને—

અમારાં વાર્ષિક ગ્રાહકોને દર વરસે રૂા. ૩) માં એક હજાર ઉપરાંત પાનાનાં ઐતિહાસિક નવીન પુસ્તકો નિયમિતપણે સં. ૧૯૭૯ થી સં. ૧૯૮૮ સુધી અપાયાં છે. દરેક વખતે માગશરથી મહામાસ સુધીમાં મોકલવામાં આવતાં હતાં, જે હવેથી અષાડી પછી એટલે અષાડ વદીમાં મોકલવાનું થશે.

ચાલુ સાલમાં નીચેના પુસ્તકો ગ્રાહકોને મળશે જે છપાઇને વૈશાખ માસમાં તૈયાર થશે. ગ્રાહક પુરતી નકલ છપાતી હોવાથી તેમજ ચાલુ સાલનાં પુસ્તકો ઘણાં જ રસિક અને નવીન હોવાથી શીલીકમાં રહેવા સંભવ નથી. માટે નવા ગ્રાહક થનારે દાખલ પ્રીના રૂા. ૦-૮-૦ વેળાસર મોકલવા—

૧ અમર બલિદાન યાને શત્રુંજયના શહિદો. ૨ શ્રી મહાવીર અને શ્રેણિક.
૩ જાવડશાહ. ૪ તરંગવતી તરંગલોલા.

ચારે પુસ્તકો લગભગ ૧૧૦૦ પાનાનાં પાકા પુંઠાનાં છુટક કિંમત રૂા. ૫) ની કિંમતનાં થશે જે ગ્રાહકોને રૂા. ૩) માં મળે છે. પોસ્ટ વી. પી. ખર્ચ અલગ. કોઇપણ જાતના દરેક સંસ્થાના પુસ્તકો અમારે ત્યાંથી કીફાયત ભાવે મળશે.

લખોઃ—**જૈન સસ્તી વાંચનમાળા,—પાલીતાણા—**( કાઠીયાવાડ. )


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૦ મું. વીર સં. ૨૪૫૯. વૈશાક. આત્મ સં. ૩૭. અંક ૧૦ મો.

## પ્રજાઓનું સાચું ખમીર.

જગતમાં એવી વિરલ વિભૂતિઓ હોય છે જેમના આત્માની મહત્તા, એમના કાર્યની મહત્તાથી પણ આગળ વધી જાય છે. કેટલાક માણસોનાં કાર્ય મહાન હોય છે, આત્મા નાના હોય છે. એવા ટેલીરેન્ડોઅને નીસ્કો, મારકોની અને એડીસનો, કેન્ટો અને વોલ્ટેરોની આલમમાં અનેક યુગોના ગાળા પછી એકાદ દયાનંદ, એકાદ હાર્ડી, એકાદ રોમેંરોલાં, એકાદ ગાંધી કે એકાદ ઇન્સ્ટીન પાકે છે. પરંતુ પ્રજાઓ રૂપી ભૂમિનું એ સારૂં ખમીર છે. એમના હાડમાંસના ખાતરથી સીંચાયેલી ધરતીમાંથી જ નાના નાના હાર્ડીઓ, નાના નાના રોલાંઓ, નાના નાના ગાંધીઓ કે નાના નાના ઈન્સ્ટીનો જાગે છે. પ્રકૃતિની ચેતના–શકિત ભલે ગમે તેવી પરોક્ષ હોય, પ્રજાઓની એ પ્રત્યક્ષ ચેતના શકિત છે."

'ફુલછાબ' માંથી

For Private And Personal Use Only